સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

શ્રી સ્વામિનારાયણ ચિંતન

એપ્રિલ - ૨૦૧૦
બે વર્ષ લવાજમ રૂ.૧૧૦/-

ગુજરાતપ્રદેશનાં કચ્છ પ્રાંતના
પ્રેમી ભક્તજનોની પ્રાર્થનાથી નિર્માણ પામેલું
અને ભગવાન શ્રીહરિ સ્થાપિત છ ધામ પૈકી

સંપ્રદાયનું દ્વિતીય મંદિર ભુજધામ

શ્રી ભુજ તીર્થદર્શન વિશેષાંક

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ ૫.પૂ. ૫.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'**ના ઉપક્રમે **શ્રી સ્વામિનારાયણ મંદિર - કરકોલીયા** દ્વારા આયોજીત ભવ્ય

શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

શ્રી ગોપીનાથજી મહારાજ - ગઢપુર

પ.પૂ.પ.પુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

:: પ્રારંભ :: તા. ૨૨-૪-૨૦૧૦, અ. વૈશાખ સુદ - ૮

:: પૂર્ણાહુતિ :: તા.૨૮-૪-૨૦૧૦, અ. વૈશાખ સુદ -૧૫

પ.પૂ. ૧૦૮ શ્રી પરમકુલ મુનિવર્યશ્રી નૂતેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

કથા સમય :- સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર કરકોલીયા (ગઢપુર પ્રદેશ)

સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણનગર' મું. કરકોલીયા તા. લાઠી, જી. અમરેલી

સંપર્ક : મનસુખભાઈ - મો. ૯૯૨૫૨૯૮૨૮૬ તુલસીભાઈ - મો. ૯૯૧૩૨૧૧૧૭૧
વજુભાઈ - મો. ૯૮૯૮૫૫૩૦૦૬ રાજુભાઈ - મો. ૯૯૭૮૩૨૭૬૨૮ બાલુભાઈ - મો. ૯૩૨૮૦૦૬૯૯૧

ચાલો આણંદ...



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રસ્થાપિત શ્રી રોકડિયા દેવ હનુમાનજી મંદિર આયોજીત આણંદને આંગણે

પધારો આણંદ...

શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ :- ૨૯-૪-૨૦૧૦ થી ૫-૫-૨૦૧૦

કથા સમય :- બપોરે ૩.૦૦ થી ૬-૦૦, રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦

નિમંત્રક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - આણંદ (વડતાલ પ્રદેશ)

સ્થળ :- ધર્મભક્તિ વાસુદેવ નગર, આણંદ પીપલ્સ મેડીકેર સોસા. ગાઉન્ડ, શ્રી રોકડીયાદેવ હનુમાનજી મંદિર માર્ગ, આણંદ

સંપર્ક : મહેશભાઈ પટેલ - મો. ૯૯૭૯૬૧૧૦૪૪, હરિકૃષ્ણભાઈ પટેલ - મો. ૯૯૨૫૮૪૦૫૭૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વડતાલ પીઠાધિપતિ ૫.પૂ. ૫.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'**ના ઉપક્રમે **નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - વાંકિયા**નો ભવ્ય

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

અંતર્ગત

શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ

તથા શ્રીહરિયાગ યજ્ઞ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ : ૧૦-૫-૨૦૧૦ થી ૧૬-૫-૨૦૧૦

કથા સમય :- સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦

આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - વાંકિયા (ગઢપુર પ્રદેશ)

મહોત્સવ સ્થળ :- મુ. વાંકિયા (રાજબાઈનું), તા.બાબરા , જી. અમરેલી

સંપર્ક : પૂ. પતિતપાવન સ્વામી - મો. ૯૪૨૮૮૬૦૨૧૧
બાબુભાઈ - મો. ૯૬૩૬૬૩૭૪૨૭, શાન્તુબાપુ - મો. ૯૭૨૩૮૭૨૧૨૦ મો. ૯૬૩૬૬૩૭૪૨૭

:: સંસ્થાપક ::

:: અધ્યક્ષ ::

શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૫, અંક :- ૧૦, તા. ૨૦-૦૪-૧૦

:: પ્રયોજક ::

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્થ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોબર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

બે વર્ષ	: રૂા. ૧૯૦/-
પંચવાર્ષિક	: રૂા. ૩૫૦/-
પચ્ચીસ વર્ષ	: રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ	: $ 200 U.S.A.
	: £ 100 U.K.

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhadham.org
www.swaminarayanvadtalgadi.org
E-mail : chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com

અનુક્રમણિકા

૧ સંપ્રદાયનું દ્વિતીય મંદિર ભુજધામ... ૦૫

૨ ઈતિહાસના પુષ્ઠો પર... ભુજધામયશોગાથા ૦૬

૩ શ્રી ભુજ દર્શન ૦૮

૧ શ્રી નરનારાયણ દેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજ ૦૮

૨ શ્રી રાધાકૃષ્ણ દેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજ ૦૯

૩ શ્રી ઘનશ્યામમહારાજ ૦૯

૪ શ્રી રામ-લક્ષ્મણ-જાનકી ૦૯

૪ શ્રીજીપ્રસાદિભૂત દર્શનીય તીર્થસ્થળો ૧૦

૧ જુના મંદિરમાં શિવલીંગ ૧૦

૨ જુના મંદિરના સભામંડપમાં ચરણારવિંદ વેદિકા ૧૦

૩ જુના મંદિરના સભામંડપમાં પ્રસાદીનો પથ્થર ૧૦

૪ સુંદરજી સુથારનું ઘર - અક્ષરઓરડી - ગંગાજળીયો કૂવો ૧૧

૫ ભૂતિયોવડ ૧૨

૬ હમીર સરોવર ૧૨

૭ શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિર ૧૩

૮ ખાખ ચોક - દેડકાવાવ-શ્રીરામ-હનુમાનજી મંદિર ૧૩

૯ શ્રી દ્વારિકાધીશ મંદિર ૧૪

૧૦ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ૧૪

૧૧ શ્રી રઘુનાથજીનું મંદિર (આરો) ૧૪

૧૨ મહાદેવ દરવાજા ૧૫

૧૩ રામકુંડ - શ્રી કંઠેશ્વર મહાદેવ ૧૫

૧૪ રામવાડી ૧૫

૧૫ મહિદાસ ભક્તની વાડી ૧૬

૧૬ શ્રી બિહારીલાલ દૂધેશ્વર મહાદેવ મંદિર ૧૬

૧૭ તુલસીદાસ વાળંદનું ઘર ૧૬

૧૮ પડદાભીક્ત શ્રી હનુમાનજી મંદિર ૧૭

૧૯ રાવ લખપતજીની છત્રી ૧૭

૨૦ લેરખીબાઈનું ઘર ૧૭

૨૧ સંતદાસજીની છત્રી ૧૮

૨૨ ફૂલવાડીમાં આંબલીવૃક્ષ તથા સ્મૃતિ છત્રી ૧૮

૨૩ નાનો મલ્લ અખાડો ૧૮

૨૪ જેઠી મલ્લની વાડી ૧૯

૨૪ શ્રી મનમોહનરાયજીનું મંદિર ૧૯

૨૫ દેશલસર તળાવ ૧૯

૨૬ શ્રી દાંડીવાળા મોટા હનુમાનજી મંદિર ૧૯

૨૬ સલાટનો વંડો ૨૦

૨૭ સુરલ ભિક્ત શ્રી જડેશ્વર મહાદેવ મંદિર ૨૦

૨૮ ૧૮ પરમહંસોનું મિલન સ્થાન - સ્મૃતિ છત્રી ૨૦

૩૧ શિવરા મંડપ - શ્રી નકલંગ મંદિર ૨૧

૩૨ પ્રાસાદિક રાયણ વૃક્ષ ૨૧

૩૩ ગંગારામમલ્લનો અખાડો ૨૧

૩૪ ગંગારામમલ્લનું ઘર ૨૨

૩૪ શિરોમણી શ્રી રણછોડરાયજી મંદિર ૨૨

૩૫ લાધીબાઈનું ઘર ૨૨

૩૦ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ૨૩

૩૮ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી 'સ્મૃતિ મંદિર' ૨૩

૫ ભુજમાં ભગવાન શ્રીહરિના જીવન -કાર્યની કુમકુમવર્ણી તિથિ ૨૪

૬ પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમૃતવાણી... ૨૬

૭ સત્સંગ સમાચાર પત્રિકા... ૩૦

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને દેવોના દર્શનાર્થે હાથ ઝાલીને લઈ જતા ભુજ મહંત અ.નિ. પૂ. સ.ગુ. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી.... આ અદ્‌ભુત પરંપરાને આપણે કેમ ભૂલી ગયા છીએ ?

તા. ૨૬-૧-૨૦૦૧ના રોજ કચ્છમાં સર્જાયેલ વિનાશકારી ભૂકંપમાં પોતાના ઘરઆંગણે લગ્નપ્રસંગને સ્થગિત કરીને ભુજવાસી સંતો-ભક્તોના દુઃખમાં સૌપ્રથમ ભાગી બનતા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.**

ગુજરાતપ્રદેશનાં કચ્છ પ્રાંતના પ્રેમી ભક્તજનોની પ્રાર્થનાથી નિર્માણ પામેલું અને ભગવાન શ્રીહરિ સ્થાપિત છ ધામ પૈકી

સંપ્રદાયનું દ્વિતીય મંદિર ભુજધામ

ત્રણ શિખરોથી યુક્ત, **દર્શનીય**, અદ્‌ભુત શોભાવાળું,
જે મંદિરમાં **શિલ્પીઓની નિપુણતા** જોવામાં આવે છે તેવું,

આ મંદિરનું નિર્માણ કાર્ય એટલે શ્રી વૈષ્ણવાનંદ સ્વામી, ગંગારામભાઈ મલ્લ, સુંદરજીભાઈ સુથાર, હીરજીભાઈ સુથાર, લાધીબાઈ વગેરે **સંતો-ભક્તોના સમર્પણ** અને **પ્રેમભાવના**ની **યશોગાથા...**

આ મંદિર સર્વાવતારી, સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વહસ્તે** પ્રસ્થાપિત થયેલું એક **સનાતનધામ** છે.

સંપ્રદાયમાં મંદિર કરવા માટે પ્રાર્થના-યાચના કરીને ધન વગેરેથી સેવા કરીશું એવું સૌપ્રથમ કહ્યું હોય તો કચ્છ પ્રાંતના ઉત્તમ નિર્વિકલ્પ નિષ્ઠાવાળા ભક્તોએ કહ્યું છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં લખે છે :

'भगवन्! नगरेऽस्माकं नरनारायणालयम् ।
कारय त्वं वयं सेवां करिष्यामो धनादिना ।।'

હે ભગવન્ ! તમો અમારા નગરમાં શ્રીનરનારાયણનું **મંદિર** દયા કરીને કરાવો. અમો ધન વગેરેથી સેવા કરીશું.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૬/૪)

પાળેશ્વર ચોક પાસે આવેલ શ્રી નરનારાયણદેવનું **જુનું મુખ્ય મંદિર** મહાપ્રસાદરૂપ છે.

આ મંદિરમાં વિ. સં. ૧૮૭૯, વૈશાખ સુદ ૫, તા. ૧૫-૫-૧૮૨૩ ના પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમના કરકમળોથી **શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ**ની **પ્રાણપ્રતિષ્ઠા** કરી ભુજના હરિભક્તો માટે **અલૌકિક દર્શન** કરવાની સુવર્ણ સુવિધા પુરી પાડી. ૧૮૭ વર્ષ પૂર્વે નિર્માણ પામેલા આ મુખ્ય મંદિરનો આગળનો ભાગ ફૂલ-પાનની અને પશુ-પક્ષીની કલાત્મક કોતરણીથી **નયનરમ્ય** અને ખૂબજ **આકર્ષક** છે. મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી પ્રવેશતાં જ સામે **સુંદર કલાત્મક** કાષ્ટકામની અદ્‌ભુત કારીગરીથી સભર **સભામંડપ** દૃષ્ટિગોચર થાય છે.

શૂરવીર, દાનવીર અને શ્રદ્ધાવાન સપૂતોને જન્મદેનારી કચ્છની પ્રેમ-ભક્તિપ્રધાન ધરતીની

ઇતિહાસના પૃષ્ઠો પર... ભુજધામ યશોગાથા

સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

ગુજરાતની અફાટ ધરતીનો પશ્ચિમકિનારો એટલે **'અસાંજો કચ્છ'** (અમારો કચ્છ). પરમાત્માએ પ્રાકૃતિક સૌંદર્યની સાથે અનેકગણી ભૌગોલિક વિષમતાઓની પણ ભેટ આપી છે. આ વિષમતાના વિકટ વનની વચ્ચે **કામણગારા કચ્છની સંસ્કૃતિ**નો વિકાસ થયો છે. કચ્છમાં આંખને ઠારે એવી સંસ્કાર, સંસ્કૃતિ અને લોકકલાની તસ્વીર જોવા મળે છે. તેથી જ કચ્છી માડુઓ (માણસો) દુહામાં પોતાના દેશને બિરદાવતાં કહે છે :-

'શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;
ચોમાસે વાગડ ભલો, પાંજો (આપણો) કચ્છડો બારે માસ.'

૪૫, ૬૯૨ ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલો કચ્છ પ્રદેશ મોટા રણ અને અરબી સમુદ્રની વચ્ચે આવેલો છે. મોટા ભાગના વિસ્તારમાં અફાટ રણ આવેલું છે. કચ્છના ૧૦ શહેરો અને ૯૪૯ ગામડાં છે. લેઉવા પટેલાના ૨૪ ગામો છે. કચ્છની અંદાજે વસ્તી ૧૪ લાખની છે. કચ્છમાં સ્થાયી લેઉવા પટેલો પચાસેક હજાર હશે. ભારતના લગભગ બધા જ મોટા શહેરોમાં કચ્છીઓ વસેલા છે, એટલું જ નહીં પણ વિશ્વના ઘણા દેશોમાં કચ્છીઓ જોવા મળે છે.

જગતની **સૌથી પ્રાચીન સંસ્કૃતિને સિંધુ સંસ્કૃતિ** કહેવામાં આવે છે. હડપ્પાની પુરાતન સંસ્કૃતિનું પ્રતિક કચ્છમાં આવેલ **ધોળાવીરા** વર્તમાન સમયમાં પ્રખ્યાત છે. કચ્છમાંથી મળી આવેલા અવશેષોમાં ધોળાવીરા એકમાત્ર શહેરી વસાહત હોય એમ જણાય છે. ધોળાવીરા કચ્છના ખડીર ભાગમાં આવેલું એક ગામ છે. તમામ દૃષ્ટિએ જોતાં કંઈકને કંઈક વિશિષ્ટતાઓવાળું આ નગર **સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો** છે.

કચ્છની લોકસંસ્કૃતિમાં સાગર, રણ, ખેતીવાડી અને પશુપાલન એમ **વિવિધ સંસ્કૃતિઓનો સમન્વય** થયેલો છે. લોકસાહિત્ય સાથે સંકળાયેલ આ સંસ્કૃતિમાં કચ્છનું **લોકજીવન** તથા કચ્છની **ભાતીગળ કળા** ખીલી ઊઠી છે. અહીં **ધર્મને પ્રાધાન્ય** અપાયેલું છે. નારાયણ સરોવરની ભવ્ય ગરિમા, કેરા-કુંદનપુરનું પુરાતત્ત્વીય અજોડ શિવમંદિર, યક્ષબોતેર, માંડવીની રવાડી, જેસલ-તોરલની સમાધિ એ કચ્છના **ધબકતા જીવનનું નજરાણું** છે.

કચ્છ પ્રદેશની રાજધાની એટલે ભુજ શહેર. આ નગરની બાજુમાં **'ભુજીઓ'** નામે મોટો ડુંગર આવેલો છે. આ ડુંગરમાં દેવતાઈ નાગ રહે છે. દર વર્ષની નાગપંચમીએ ત્યાં મેળો ભરાય છે. ભુજ શહેરના રાવ સ્વારી લઈને નાગદેવતાનું પૂજન કરવા

જતા. ત્યાં નાગદેવતાનું પૂજન-અર્ચન કરીને દૂધ ધરતા ત્યારે દોઢ ફૂટની મોટી ફણાવાળા નાગદેવ આવીને તે દૂધનું પાન કરી જતા. આ નાગદેવતાના સ્મરણ તરીકે આ નગરનું નામ **'ભુજ'** પડેલું છે. તેવું **પૌરાણિક કથા** મુજબ જાણવા મળે છે. (હાલમાં આ ડુંગર ઉપર તો કોઈને પણ જવા દેવામાં આવતા નથી અને આર્મીના નેજાહેઠળ સુરક્ષિત રાખવામાં આવ્યો છે.)

કચ્છ દેશને શાસ્ત્રો અને પુરાણોમાં **પરમ પવિત્ર દેશ** માનેલો છે. જેમ જનેતા માવડી પોતાના **કોડીલા કુંવર**ને કાંખમાં તેડે, તેમ ભારતમાતાએ આ કચ્છ દેશને પોતાની કાંખમાં તેડેલો છે.

આવી પવિત્ર પુનિત કચ્છની ધરતીમાં સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમહંસોની પધરામણીથી આ **અર્વાચીન તીર્થ**માં કણ-કણમાં **આધ્યાત્મિક દિવ્ય સ્પંદનો** ગૂંજી રહ્યા છે.

'હરિવરકૃત કચ્છમાં ચરિત્ર, શ્રવણ કરે જન થાય તે પવિત્ર;
સુણી હરિજન ચિત્ત રાજી થાશે, ગુણ હરિના ગણી નિત્યનિત્ય ગાશે.'

(શ્રીહરિલીલામૃત : ૮/૧૦/૨૯)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ કચ્છ પ્રદેશથી જ બલિદાનના નામે પ્રવેશેલી **હિંસા**નો ૧૮મી અને ૧૯મી સદીમાં **નિષેધ** કરીને **અહિંસક યજ્ઞો**ની વેદોક્ત **પરંપરા**ને પુનર્જીવિત કરી હતી.

ભુજના ભાવિક ભક્તોએ ભગવાન શ્રીહરિનો ૨૩મા **પ્રાગટ્યોત્સવ**નો ઉત્સવ કરીને પ્રેમપૂર્વક ભક્તિથી કરેલી **સ્તુતિ-પ્રાર્થના**ની **નોંધ** લેતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં કહે છે :

'વિભો ! ભવાભિધામ્બુધૌ ધનાદિગર્ધનભ્રમ ભ્રમત્કલત્રપુત્રમિત્રનક્રચક્રકર્ષણે ।
ષડન્તરઙ્ગદુર્હૃદુત્તરઙ્ગપાતમજ્જને નૃદેહનાવિ ખિદ્યતસ્ત્વમેવ કર્ણધારકઃ ॥૫૩॥
યદીયનામમાત્રમુચ્ચરન્તમુદ્ભટા ભટા યમસ્ય યાન્ત્યુદસ્ય દૂરતોઽન્તકાલ એકદા ।
ભવન્તમેવ તં મતં સતાં ચ સન્તતં નતા વયં ભજામહે હરે ! જય ત્વમુદ્ધરાધમાન્ ॥૫૪॥'

હે વિભો ! જેને વિષે ધન વગેરેની પ્રાપ્તિની અભિલાષારૂપી ઘણા ચકાકાર ભમરાઓ પડે છે અને સ્ત્રી, પુત્ર, મિત્રાદિ રૂપ બહુ મગર ચોતરફ આકર્ષણ કરનારા જેમાં છે; છ સંખ્યાવાળા (કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર) અંતઃશત્રુરૂપ ઊછળતા તરંગોના ઉપર પડવાથી જેમાં બૂડી જવાય એવા **સંસાર** નામના **સમુદ્ર**માં ભમતા થકા હાલમાં **મનુષ્ય-શરીરરૂપી નૌકામાં** હંમેશાં ફરવાથી ખેદ પામેલા જનને **નાવિકની માફક સામે કિનારે લઈ જનાર** તમો જ છો. અર્થાત્ સંસારસાગરમાંથી ઉદ્ધાર કરી પોતાના ભક્તજનોને અવિનાશી સુખ આપવા પૂર્વક પોતાના ધામને પમાડનાર તમો જ છો.

હે હરે ! અતિ કઠોર યમના કિંકરો, દેહના અવસાન સમયે એક વાર જેના નામ માત્ર કૃષ્ણ - હરિકૃષ્ણ - નારાયણ -સ્વામિન્ - **સ્વામિનારાયણ** વગેરે ઉચ્ચારણ કરતા જનને દૂરથી જ પરિત્યાગ કરી ચાલ્યા જાય છે. સત્પુરુષો, સત્શાસ્ત્રના અનુભવમાં પ્રવીણ મુક્તાનંદાદિ મહાબુદ્ધિશાળી સાધુપુરુષોએ **પુરુષોત્તમ** માનેલા તમોને અમો પ્રણામ કરવા પૂર્વક નિરંતર જ ભજીએ છીએ. તમો **સર્વોત્કર્ષપણે જયકારી પ્રવર્તો.** અધમજનોનો સંસારસાગરથી **ઉદ્ધાર** કરો. (શ્રી સત્સંગિજીવન : ૨/૧૮/૫૩-૫૪)

લાખો-કરોડો હરિભક્તો અને સેંકડો સંતોના હૃદયમાં બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાનના પુનિત પગલે કચ્છ ભૂમિ **પાવનકારી** થયેલી છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ **સં. ૧૮૬૦ થી સં. ૧૮૮૦ સુધી** ભુજ તેમજ કચ્છ પ્રાંતમાં **સત્સંગ વિચરણ** કરી જ્ઞાનસભાઓ અને હરિનવમી-રામનવમી ઉત્સવ, રંગોત્સવ, અન્નકૂટોત્સવ, ફૂલદોલોત્સવ આદિક **અનેક લીલાચરિત્રો** કર્યા, એ **દરેક સ્થળ**ને ભગવાન શ્રીહરિની પ્રસાદી ગણવામાં આવે છે.

'ભાગ્ય મોટા એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ;
પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.'

(પુરુષોત્તમપ્રકાશ : ૨૯/૪)

જ્યાં જ્યાં શ્રીજી મહારાજે વિચરણ કર્યું છે તે ભૂમિના મોટા ભાગ્ય છે. અને તે ધરતી **પાવનકારી તીર્થરૂપ** બની ગઈ છે. પ.પૂ ધ.ધુ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી બતાવે છે કે :

'જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ, જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ;
તે સ્થાન તો ઉત્તમ તીર્થ ગણાય, પવિત્ર તે તીર્થ વિષે થવાય.'

(શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૪૭)

જે સ્થળે ભગવાન શ્રીહરિ, તેમની સાથે આવેલા મુક્તો આદિક સંતો-ભક્તોએ સહિત ફર્યા છે તે તે સ્થાનો સર્વે **શ્રેષ્ઠ તીર્થધામ** બની ગયા છે. તે તીર્થસ્થાનોમાં જવાથી વ્યક્તિ પવિત્ર બની જાય છે. આવા પ્રસાદીના સ્થળોનું દર્શન અનંતકાલીન સુખ આપનારું છે. ભુજ શહેરમાં **૩૮થી વધારે પ્રસાદીના સ્થળો** છે. વિનાશક ભૂકંપની થપાટો પછી આજે પણ પ્રસાદીના સ્થળોની ઓળખ શક્ય છે જે પરમકૃપાળુની **કૃપા** જ છે.

વિનાશકારી ભૂકંપમાં પણ શ્રીજીમહારાજના સ્વહસ્તે વેદોક્તવિધિથી પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓ તો અખંડ જ રહી છે અને પ્રસાદીના સ્થળો પણ મહદ્‌અંશે અસ્તિત્વમાં છે. તે સંપ્રદાયના હરિભક્તો અને સંતો માટે **અવર્ણનીય આનંદ**ની વાત છે.

તમામ તીર્થસ્થાનોના, તજજ્ઞ વિદ્વાનો-સંતો દ્વારા શાસ્ત્રોક્ત પ્રમાણોથી સંકલિત કરાયેલા આ **'ચિંતન વિશેષાંક'**ના માધ્યમથી દરેક સ્થળના તેની અદ્‌ભુત **માહિતીસભર દર્શન** કરી કૃતાર્થતા અનુભવીએ...

શ્રી ભુજ તીર્થદર્શન

સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

શ્રી નરનારાયણ દેવ
શ્રી હરિકૃષ્ણ મહારાજ

'પછી ભાવેશું ભુજનગર, બેસારિયા નારાયણ નર, આવી મુહૂર્તમાં મન ગમી, વૈશાખ સુદિ કહીએ પંચમી.'

(ભક્તચિંતામણી : ૮૯)

ભુજ મંદિર મધ્ય શિખરના દેરામાં સં. ૧૮૭૯ વૈશાખ સુદ - ૫(તા. ૧૫-૫-૧૮૨૩, શુક્રવાર)ના રોજ કચ્છ દેશના ભક્તજનોના પ્રેમને આધીન થઈને **શ્રી નરનારાયણ દેવ**ની ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે **વેદોક્ત મંત્રોચ્ચાર** સાથે **પ્રતિષ્ઠા** કરીને સ્થાપના કરી છે. ભુજ નિવાસી શ્રી નરનારાયણ દેવરૂપે શ્રીજી મહારાજ સ્વયં પોતાના ભક્તજનોનું કલ્યાણ કરતા રહે છે. "જે ભક્તજનો નિયમ રાખીને પ્રતિમાસ કે એકવાર પણ આ શ્રી નરનારાયણ દેવના ભાવથી દર્શન કરશે તેના સંકલ્પો સિદ્ધ થશે. આ લોકમાં ભુક્તિ અને મૃત્યુ પછી મુક્તિને પામશે." એવા વરદાનથી આજે પણ ભગવાન શ્રીહરિ **સ્વયં** આ મૂર્તિઓમાં રહીને **ભક્તોના સંકલ્પ-મનોરથો**ને **પૂર્ણ** કરે છે.

શ્રી નરનારાયણદેવના જમણા પડખે **શ્રીહરિકૃષ્ણ મહારાજ**ની **સુવર્ણમય પ્રતિમા** અત્યંત શોભાયમાન છે. જેની **પ્રાણપ્રતિષ્ઠા** પ.પૂ.ધ.ધૂ. આદિઆચાર્ય **શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી**ના પાવનકારી કરકમળો દ્વારા સં. ૧૯૨૩ના ફાગણ સુદ - બીજના શુભ દિવસે કરવામાં આવી છે.

(ઈ.સ. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલ વિનાશક ભૂકંપના કારણે શ્રી નરનારાયણદેવનું મુખ્યમંદિર અત્યંત ક્ષતિગ્રસ્ત થતાં તેમાં **પ્રતિષ્ઠિત મૂર્તિઓ** અસુરક્ષિત જણાતાં તેનું **સ્થળાંતરની પ્રાર્થના**પૂર્વક વિનંતી કરીને જ્યાં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય અને શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન હતાં તે જગ્યાએ **મૂર્તિઓની પધરામણી** કરવામાં આવી છે. હાલમાં તે જગ્યાએ સંગેમરમર (માર્બલ-આરસ)નું અદ્‌ભુત નકશીકામયુક્ત કલાત્મક અદ્વિતીય આલીશાન **નૂતન મંદિર** પૂર્ણ થયું છે ત્યારે તેનો તા. ૧૫-૫-૨૦૧૦ થી ૨૫-૫-૨૦૧૦ સુધી **'શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિર મહોત્સવ'** અતિ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાશે.)

શ્રી રાધાકૃષ્ણ દેવ - શ્રી હરિકૃષ્ણ મહારાજ

મંદિરના ત્રીજા ખંડમાં શ્રી રાધા-કૃષ્ણદેવ અને શ્રી હરિકૃષ્ણ મહારાજની સુવર્ણમય-મૂર્તિઓ પણ શોભી રહી છે. અને દર્શનાર્થી સર્વે ભક્તજનોને **દિવ્ય દર્શન** આપી રહી છે. આ ત્રણેય મૂર્તિઓની **પ્રાણપ્રતિષ્ઠા** સં. ૧૯૬૭ના ચૈત્ર વદ -૭ના રોજ અમદાવાદ દેશ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીના પવિત્ર કરકમળો દ્વારા કરવામાં આવી હતી.

શ્રી ઘનશ્યામ મહારાજ

મંદિરના ચોથા ખંડમાં સંગેમરમરની અત્યંત સુંદર અને મનમોહક આશરે સાતેક ફૂટ ઊંચી આ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિના દર્શન કરતાં હરિભક્તો **ધન્યતા** અનુભવે છે. આ મૂર્તિનું **અનેરું આકર્ષણ** એવું છે કે એના દર્શન કરતાં મનને સંતોષ થતો જ નથી. આવા નયનરમ્ય શ્રી ઘનશ્યામ મહારાજની **પ્રાણપ્રતિષ્ઠા** સં. ૧૯૯૮ના વૈશાખ સુદ - ૫ (તા. ૨૭-૪-૧૯૪૨, સોમવાર)ના રોજ અમદાવાદ દેશ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે કરવામાં આવી હતી.

શ્રી રામ-લક્ષ્મણ-જાનકી

ઉધ્ધવાવતાર સ.ગુ. રામાનંદ સ્વામીએ પણ આ શ્રીરામ, લક્ષ્મણ અને જાનકીની શ્યામપાષાણની મૂર્તિઓની પૂજા કરેલી છે. તેમજ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ભુજમાં જ્યારે શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા આવ્યા ત્યારે શહેરમાં આવેલા શ્રી હરિનારાયણના મંદિરમાં આ મૂર્તિઓના દર્શન કર્યા હતા. આ પ્રાસાદિક મૂર્તિઓનો મહિમા સમજીને સદ્‌ગુરુ સંતો-ભક્તોએ મંદિરમાં પધરાવેલ છે. સંપ્રદાયમાં શ્રીરામ-સીતાના સ્વરૂપનાં દર્શન બીજે ક્યાંય નથી થતા એ દૃષ્ટિએ પણ આ મૂર્તિઓનું માહાત્મ્ય વિશેષ છે.

પ્રથમઆ મૂર્તિઓ જૂના મંદિરમાં અક્ષરભુવનમાં બિરાજમાન હતી. વિનાશકારી ભૂકંપ બાદ નૂતન મંદિરમાં સુખ-શૈયાની બાજુમાં સર્વે ભક્તજનોના દર્શનાર્થે પધરાવવામાં આવી છે.

જુના મંદિરમાં શિવલીંગ

સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ શિવલીંગ મહાદેવની બીલીપત્રથી પૂજા કરી અભિષેક કરેલ છે. તેથી આ પ્રાસાદિક શિવલીંગ જુના મંદિરના રંગમંડપમાં દર્શનાર્થે પધરાવેલ છે.

જુના મંદિરના સભામંડપમાં ચરણારવિંદ વેદિકા

જૂના મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી પ્રવેશતાં જ સામે સુંદર કલાત્મક કાષ્ટકામની અદ્‌ભુત કારીગરીથી સભર **સભામંડપ** દૃષ્ટિગોચર થાય છે. આ સભામંડપના પગથિયા ચડી અંદર પ્રવેશતા સામે જ સિંહાસનની બાજુમાં **પવિત્ર વેદિકા**ના દર્શન થાય છે. આ સ્થળે પહેલા આંબલીનું વૃક્ષ હતું. એ વૃક્ષ નીચે શ્રીજીમહારાજ અનેકવખત સભા ભરીને વિરાજમાન થયા છે. સુંદરજીભાઈ સુથારના ઘેરથી ગંગારામભાઈને ઘેર જતાં ત્યારે એ વૃક્ષની ડાળી પકડીને ભગવાન શ્રીહરિ વારંવાર ઊભા રહેતા. જેની સ્મૃતિમાં આ વેદિકા બનાવી શ્રીહરિના ચરણારવિંદ પધરાવવામાં આવ્યા છે.

જુના મંદિરના સભામંડપમાં પ્રસાદીનો પથ્થર

સુંદરજીભાઈ સુથારના ઘેર એક ઓરડામાં એક-દોઢ હાથ ઊંચી **પથ્થરની પાળી** હતી. એકવાર શ્રીજીમહારાજ આ પથ્થર પર **ઘોડો પલાણ** કરીને બેઠા હતા ત્યારે ઓરડામાં તેજના પુંજ છવાઈ ગયા હતા. અને તે તેજમાં સૌને **નીલકંઠવર્ણી રૂપે દર્શન** થયા હતા. આ પ્રાસાદિક પથ્થરનો મહિમા સમજીને તેને જૂના મંદિરના સભામંડપમાં સિંહાસનની બાજુમાં દર્શનાર્થે રાખેલો છે.

સુંદરજી સુથારનું ઘર અક્ષરઓરડી ગંગાજળીયો કૂવો

જૂના મંદિરની પશ્ચિમદિશાએ વંડો શોભી રહ્યો છે. તેમાં **સુંદરજી સુથારનું ઘર,** ગંગાજળિયો કૂવો અને અક્ષરઓરડી હતી. આ સ્થળે ભગવાન શ્રીહરિની વિવિધ લીલાઓની સ્મૃતિમાં **ત્રણ છત્રીઓ** બનાવવામાં આવી છે. વંડાના ડાબા ખૂણામાં સુંદરજીભાઈ તથા હીરજીભાઈ સુથારનું ઘર હતું. શ્રીજીમહારાજ જ્યારે ભુજ આવતા ત્યારે અહીં ઉતરતા. અહીં ભગવાન શ્રીહરિએ અનેકવાર જ્ઞાનોપદેશ કરેલો છે. આ સ્થળે ભગવાન શ્રીહરિએ રંગોત્સવ, રામનવમીનો ઉત્સવ અને અન્નકૂટોત્સવ પણ કર્યો હતો. તેથી અહીં છત્રી કરીને તેમાં ભગવાન શ્રીહરિના **ચરણારવિંદ** પધરાવેલ છે.

આજ વંડામાં એક **'ગંગાજળિયો કુવો'** એવે નામે કૂવો છે. આ કુવામાં શ્રીજીમહારાજે અનેકવખત સ્નાન કરેલ છે. હાલ તેની સ્મૃતિરૂપે તે સ્થાન પર સુંદર કલાત્મક છત્રી કરીને તેમાં ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલ છે.

શ્રીજીમહારાજ જ્યારે ભુજ પધારતા ત્યારે સુંદરજીભાઈ તથા હીરજીભાઈ સુથારના ઘરે ઉતરતા હતા. ત્યાં જમણા ખુણામાં આવેલ એક ઓરડામાં મહારાજ પોઢતા હતા તેને આજે **'અક્ષરઓરડી'** તરીકે ઓળખવામાં આવે છે. અહીં ભગવાન શ્રીહરિએ લાધીબાઈને મળવા બોલાવેલા. પરંતુ ભગવાન શ્રીહરિને તેઓ ભગવાન છે તેમ ન જાણતા હોવાથી દર્શન કરવા આવેલ નહિ. પરંતુ પછીથી શ્રીજીમહારાજ તેમના ગુરુભાઈ હોવાને નાતે તેઓ મળવા આવ્યા અને તેઓને ભગવાન શ્રીહરિનાં તત્કાળ દર્શન થતાં જ તેમને સમાધિ થઈ ગઈ; અક્ષરધામમાં હીરા-માણેક જડિત સુવર્ણમય સિંહાસનમાં શ્રીજીમહારાજ બિરાજમાન છે અને સદ્. શ્રી રામાનંદ સ્વામી ચમર લઈને પવન ઢોળે છે. અનેક મુક્તો ભગવાન શ્રીહરિની સેવામાં છે તેવા દર્શન થયા હતા. રામાનંદ સ્વામીએ તેઓને કહ્યું :- "લાધીબાઈ ! તમે કેમ ભૂલા પડો છો. અમે તમને અનેક વખત કહ્યું છે કે, 'હું તો ડુગડગી વગાડનારો છું, પણ ખેલના ભજવનાર તો હવે પછીથી આવશે' હાલમાં જે ભુજમાં વિરાજે છે તે જ અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ છે. તેનું શરણું સ્વીકારો." લાધીબાઈ સમાધિમાં છે, ત્યાં ઢોંગી બાવો આવ્યો. અને બોલવા લાગ્યો : "હે જીવનમુક્તા ! તુમ પાખંડ કરતે હો, તુમ્હારી સમાધિ જુઠ હૈ." શ્રીજીમહારાજે લાધીબાઈના હાથ ઉપર ધગધગતા અગ્નિના અંગારા મૂક્યા. લાધીબાઈને કાંઈ ન થયું. શ્રીજીપ્રભુએ બાવાને કહ્યું :- "બાવાજી તુમ આવો, સમાધિ જુઠી ઓર સચ્ચી હૈ ઐસી પરીક્ષા કીજીએ." ત્યારે બાવાને થયું કે હાથમાં ધગધગતા દેવતા મૂકશે તો દુઃખનો પાર નહિ રહે, પછી ત્યાંથી બાવો ભાગ્યો અને પાછો આવ્યો જ નહિ. લાધીબાઈએ સમાધિથી જાગૃત થઈને શ્રીજીમહારાજના ચરણોમાં પંચાંગ પ્રણામ કર્યા ત્યારે મહારાજ કહે :- "હા...હા...હા.. આ શું કરો છો ? અમે કયાં ભગવાન છીએ." ત્યારે લાધીબાઈ કહે :- "મહારાજ ! મારી ભૂલ થઈ ગઈ ! આપ તો સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છો. અનંતકોટિ બ્રહ્માંડના સ્વામી છો. હવે મને દૃઢ નિશ્ચય થઈ ગયો છે. આજથી હું તમારે શરણે છું."

આમ, આ સ્થાનો ભગવાન શ્રીહરિની લીલાથી પાવન થયેલા હોઈ અહીં તેની ચિરકાળ સ્મૃતિરૂપે સુંદર કલાત્મક છત્રીઓ બનાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણના સોળ ચિહ્નયુક્ત ચરણારવિંદ પધરાવ્યામાં આવ્યા છે.

ભૂતિયો વડ

ભુજમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામી અને શ્રી દેવાનંદ સ્વામી વ્રજભાષા સહિત સંસ્કૃત-અલંકારાદિ વિદ્યા ભણવા આવ્યા ત્યારે સુંદરજીભાઈ અને હીરજીભાઈએ સંતોને રહેવા માટે એક ઓરડો આપ્યો હતો. તેની બાજુમાં એક વડનું મોટુ વૃક્ષ હતું. તેમાં હજારો ભૂતો રહેતા હતા તેનો સંતોએ ઉદ્ધાર કર્યો હતો. તેથી તે **પ્રાસાદિક વૃક્ષ** ગણવામાં આવે છે અને આ **'ભૂતિયો વડ'** સુંદરજીભાઈના ઘરની બાજુમાં આવેલો છે.

હમીર સરોવર

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે જ્યારે ભુજમાં પધારતા ત્યારે આ **'હમીર સરોવર'**માં સંતો-ભક્તો સાથે સ્નાન કરવા પધારીને અનેક **જળક્રીડાઓ** કરી છે. તેથી આ સરોવર **મહાન પ્રસાદિભૂત** છે. ભુજમાં રંગોત્સવ કરીને શ્રીજીમહારાજે સંતો-ભક્તોની સાથે ભીનાં વસ્ત્રો સહિત સ્નાન કરેલું ત્યારે આકાશમાંથી દેવતાઓએ ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરી હતી. તેથી આખું સરોવર ગુલાબ અને ચંદનમય થઈ ગયું હતું. ભગવાન શ્રીહરિ આ સરોવરમાં ક્યારેક રઘુનાથજીને આરે, તો ક્યારેક પાવડી આરે તો ક્યારેક મુનિબાવાના બંગલાવાળે આરે તો ક્યારેક ઝંડાવાળે આરે તો ક્યારેક વડવાળે આરે સ્નાન કરતા. આવા પવિત્ર હમીરસરોવરમાં સ્નાન કરનાર ભક્તના અનેક જન્મોના પાપ બળીને ભસ્મ થઈ જાય છે. **સર્વે તીર્થો આ સરોવરમાં રહેલા છે.** કારણ કે **સર્વાવતારી પુરુષોત્તમનારાયણ** અને **અક્ષરમુક્તો**નો **સંબંધ** આ સરોવર સાથે જોડાયેલો છે.

શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિર

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની બાજુમાં જ 'શ્રી કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર' આવેલું છે. આ મંદિરમાં મહાદેવજીની પૂજા ભગવાન શ્રીહરિએ કરી હતી. આ મંદિરની સામે **'સલોર વાવ'** આવેલી છે. તેમાં શ્રીજીમહારાજે સંતો-ભક્તો સહિત સ્નાન કરેલું છે. તેથી આ સ્થળ પણ પ્રસાદીરૂપ છે.

ખાખ ચોક - દેડકાવાવ - શ્રીરામ - હનુમાનજી મંદિર

મહાદેવના નાકા બહાર હમીર સરોવરના કિનારે આવેલા ખાખચોકમાં શ્રીજીમહારાજે સંતમંડળ સહિત ઘણી જ્ઞાનસભાઓ ભરેલી છે. આ ખાખચોકની પાસે **'દેડકાવાવ'** તરીકે જાણીતો કુવો છે, જેના પરથાર પર બેસીને ભગવાન શ્રીહરિએ ઘણીવાર સ્નાન કર્યું છે. આ સ્થળ પણ પ્રસાદીનું છે, જે દાદા-દાદી પાર્કની બાજુમાં છે.

આ ખાખચોકની પૂર્વ દિશામાં લગભગ ૨૫૦ વર્ષ જુનું એક **'શ્રીરામ-હનુમાનજી મંદિર'** આવેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ભુજમાં પધારતા ત્યારે દરેક મંદિરોમાં દેવોના દર્શન કરવા પધારતા. એજ રીતે આ મંદિરમાં પણ શ્રીજીમહારાજે પધારી શ્રીરામ-લક્ષ્મણ-સીતાજી અને મોટા હનુમાનજીના દર્શન-પૂજન કરેલ છે. તેથી આ મંદિર અતિ પ્રસાદીનું જાણીને ત્યાં છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવેલ છે.



શ્રી દ્વારિકાધીશ મંદિર

આ **'શ્રી દ્વારકાધીશ મંદિર'** મહાદેવ દરવાજાની બાજુમાં આવેલું છે. શ્રીજીમહારાજ ભુજમાં વિરાજમાન હોય ત્યારે આ દ્વારકાધીશના મંદિરે દર્શન કરવા જતા અને મંદિરમાં વિરાજમાન શ્રી દ્વારકાધીશ ભગવાનનું પૂજન-અર્ચન કરતા. તેથી આ મંદિર પણ પ્રસાદીનું છે. હાલમાં આ પ્રાચીન મંદિરનો દ્વારકાધીશ મંદિર સંસ્થા દ્વારા જીર્ણોદ્ધાર કરીને સુંદર કલાત્મક નકશીકામયુક્ત પથ્થરમાં વિશાળ મંદિરનું નિર્માણ કાર્ય ચાલું છે.

શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર

શ્રી દ્વારકાધીશ મંદિર અને શ્રી રઘુનાથજીના મંદિરની પાસે આ પ્રાસાદિક **'શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર'** આવેલું છે. આ હાટકેશ્વર મહાદેવની પૂજા સ્વયં શ્રીજી મહારાજે કરી છે. બાજુમાં કૂવામાંથી જળ કાઢી ભગવાન શ્રીહરિએ મહાદેવજીનો જળાભિષેક કર્યો છે. તેથી મંદિરની બાજુમાં આવેલો કૂવો પણ પ્રસાદીનો છે.

શ્રી રઘુનાથજીનું મંદિર (આરો)

જૂના મંદિરથી મહાદેવ દરવાજા બાજુ આવતા રસ્તામાં શ્રી રઘુનાથજીનું મંદિર આવેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આ મંદિરમાં વિરાજમાન શ્રી રઘુનાથજી ભગવાનની મૂર્તિને સ્નાન કરાવીને પૂજા કરી છે. અને જ્યારે પણ આ રસ્તેથી શ્રીજીમહારાજ સંતો-ભક્તો સાથે જતા-આવતાં ત્યારે અચૂક અહીં દર્શન કરતા. તેથી આ મંદિર અને મૂર્તિઓ ખૂબજ પ્રસાદીના છે. આ શ્રી રઘુનાથજી મંદિરની પાછળ **'રઘુનાથજીનો આરો'** આવેલો છે. તે આરે ભગવાન શ્રીહરિ અને સંતો-ભક્તોએ ત્યાં સ્નાન કરી જલક્રીડાઓ કરી છે. તેથી તે આરો પણ પ્રસાદિભૂત છે.

મહાદેવ દરવાજા

જૂના મંદિરથી નૂતન મંદિર તરફ જતા રસ્તામાં આ **'મહાદેવ દરવાજા'** આવે છે. આ દરવાજામાંથી શ્રીજીમહારાજ અનેકવાર પસાર થયા છે. તેથી આ દરવાજો અતિ પ્રસાદિરૂપ છે. હાલમાં આ દરવાજામાં થોડો ફેરફાર કરીને રંગરોગાન-ચણતર કરવામાં આવેલ છે.

રામકુંડ, શ્રી કંઠેશ્વર મહાદેવ

નૂતન મંદિરની ઉત્તર દિશાએ એક મોટો કુંડ આવેલો છે, જે **'રામકુંડ'** તરીકે પ્રસિદ્ધ છે. શ્રીજીમહારાજે સંતો-ભક્તો સહિત આ કુંડમાં અનેકવાર જળક્રીડાઓ કરી છે. આ કુંડની ઉત્તર-પૂર્વ દિશાએ આવેલા શિવાલય-મંદિરમાં બિરાજમાન શ્રી કંઠેશ્વર મહાદેવની ભગવાન શ્રીહરિએ પૂજા કરી હતી. તેથી આ સ્થાન પણ પ્રસાદિભૂત છે. આ સ્થળ મહાદેવ દરવાજાથી જતા રામધૂનની બાજુમાં આવેલું છે.

રામવાડી

સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી જ્યારે ભુજનગરમાં પધારતા હતા ત્યારે આ **રામવાડીની ધર્મશાળા**માં ઉતરતા હતા. આ સ્થાને મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ **લોજથી લખેલ પત્ર** રામાનંદ સ્વામીને મળ્યો હતો ને તેમાંથી **તેજના પુંજ** નીકળ્યા હતા. સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામી પણ આ રામવાડીમાં નિવાસ કરીને રહેતા હતા. શ્રીજીમહારાજે પણ આ રામવાડીમાં પધરામણી કરીને નિવાસ કરેલો છે. તેમજ બાજુમાં રહેલ કૂવાના જળેથી સ્નાન કરેલ છે. હાલમાં આ ધર્મશાળા વિનાશકારી ભૂકંપમાં નષ્ટ થયેલ છે. તેથી આવું મહાન **પ્રાસાદિક સ્થાન** જાણીને ત્યાં સુંદર **કલાત્મક છત્રી** બનાવીને તેમાં ભગવાન શ્રીહરિના **ચરણારવિંદ** પધરાવેલ છે. આ રામવાડી ધર્મશાળા શ્રી રઘુનાથજીના મંદિરની એકદમબાજુમાં આવેલી છે.

મહિદાસ ભટ્ટની વાડી

એકવખત ભગવાન શ્રી સ્વામિનારાયણ આ મહિદાસ ભટ્ટની વાડીમાં પધાર્યા હતા ત્યારે મહિદાસ ભટ્ટ હતા નહિ. તેમના સાથી (નોકર) વિસરામભાઈ હતા. ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું :- "અમને ખૂબ ભૂખ લાગી છે, તૈયાર ભોજન હોય તો આપો." ત્યારે વિસરામભાઈએ કહ્યું :- "તૈયાર ભોજન નથી, પણ હમણાં જ **મઠની ખીચડી** બનાવી આપું." ચુલામાં અગ્નિ સળગાવી તપેલીમાં આંધણ મૂકી ખીચડી ઓરી દીધી.

પછી શ્રીજીમહારાજે કહ્યું :- "હવે તમારું કામ કરો, અમે ખીચડી સંભાળશું." વિસરામભાઈ કોશ હાંકે છે. મહારાજ તો વારંવાર ખીચડી તપાસે - ચડી છે કે કાચી છે. ત્યારે વિસરામભાઈ કહે :- "ઉતાવળ ન કરો. ખીચડી ચડતાં વાર લાગશે." શ્રીજીમહારાજે કહ્યું :- "ભૂખ બહુ જ લાગી છે, જેવી ચડી હશે તેવી ચાલશે." પછી ભગવાન શ્રીહરિએ **અડધી ચડેલી ખીચડી** ઉતારી, કૂવાની કૂંડી ઉપર બેસીને શિલા ઉપર મૂકીને મહારાજ ખીચડી જમ્યા.

જે કૂવાના થાળા પર બેસીને ભગવાન શ્રીહરિ મઠની ખીચડી જમ્યા હતા, તે પ્રસંગની સ્મૃતિમાં આજે તે સ્થાને **શિખરબદ્ધ છત્રી**નું નિર્માણ કરી તેમાં શ્રીજીમહારાજના **ચરણારવિંદ** પધરાવવામાં આવ્યા છે. હાલ આ સ્થાન ભુજ શહેરના **'સંસ્કારનગર'** વિસ્તારમાં આવેલું છે.

શ્રી બિહારીલાલ દૂધેશ્વર મહાદેવ મંદિર

પડદાભીટ હનુમાનની જગ્યાની નજીકમાં જ આ **'બિહારીલાલ મહાદેવનું મંદિર'** આવેલું છે. આ બિહારીલાલ મહાદેવનું મંદિર **'દૂધેશ્વર મહાદેવ'** તરીકે પણ ઓળખાય છે. ભગવાન શ્રીહરિ માનકુવાથી ભુજ આવતા ત્યારે રસ્તામાં આ મહાદેવજીના દર્શન કરતા અને ભક્તો દ્વારા લાવેલ પૂજાસામગ્રીથી શિવલીંગનો જળાભિષેક અને બિલીપત્રથી પૂજન-અર્ચન કરતા. તેથી આ સ્થળ પણ પ્રસાદીનું છે.

તુલસીદાસ વાળંદનું ઘર

આ સ્થળે ભગવાન શ્રીહરિ અને સંતો ભક્તરાજ તુલસીવાળંદની ભાવનાને વશ થઈને રસોઈ બનાવી જમ્યા હતા. તેમજ અહિંયા **નવા અઢાર પરમહંસોને ઉતારો** આપવામાં આવ્યો હતો . તેવું આ **'તુલસીદાસ વાળંદનું ઘર'** પ્રસાદીનું છે. આ સ્થળે શ્રીજીમહારાજ અનેકવાર પધારેલા છે. જેથી ભગવાન શ્રીહરિની એક ચાખડી, એક કરતાલ, લાકડાની પેટી અને માળાના કેટલાક મણકા અહિં જતનપૂર્વક સાચવવામાં આવેલા છે.

પડદાભીડ શ્રી હનુમાનજી મંદિર



શ્રીજીમહારાજ આ રસ્તેથી માનકૂવા જતા ત્યારે તેમને વળાવવા આવેલા હરિભક્તોને અહીં બેસાડી ભગવાન શ્રીહરિ સ્વધર્મમાં રહેવાનો ઉપદેશ કરી હરિભક્તોને પાછા વાળી પોતે માનકુવા તરફ પ્રસ્થાન કરતા. અને ત્યાં વિરાજમાન શ્રી હનુમાનજીની ભગવાન શ્રીહરિએ પૂજા કરેલી છે. આજે આ સ્થળે હનુમાનજીની પશ્ચિમબાજુએ એક છત્રી શોભાયમાન છે. તેની નીચે ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધારાવેલા છે. મંદિરના પાછળના ભાગમાં એક કૂવો છે ત્યાં ભગવાન શ્રીહરિએ સંતો સહિત સ્નાન કરીને જળપાન કરેલું છે. આ કૂવાની નજીકમાં જ ધર્મશાળા છે તેમાં શ્રીજીમહારાજે ઉતારો કરેલો છે. આ સ્થાને ભગવાન શ્રીહરિએ હરિભક્તોને લખચોર્યાશીમાં ભટકતા જીવાત્માઓના ચકની વાત કરીને ઉપદેશ આપ્યો હતો. આ પ્રાસાદિક સ્થાન દૂધેશ્વર મહાદેવની બાજુમાં સંસ્કારનગરમાં આવેલું છે. જે **'પડદાભીડ હનુમાનની જગ્યા'** તરીકે જાણીતું છે.

રાવ લખપતજીની છત્રી

એકવખત શ્રીજીમહારાજ ઊંટ ઉપર બેસીને માનકૂવાથી ભુજ આવતા હતા ત્યારે અહિં **જમણી બાજુની રૂપચોકી** પર બેસીને ભક્તજનોને **સુખડીનો પ્રસાદ** આપ્યો હતો. તેથી આ સ્થળ પણ પ્રસાદીનું છે. શ્રી બિહારીલાલ મહાદેવજીના મંદિરના પાછળના ભાગમાં આવેલી આ રૂપચોકી ભુજ શહેરના **'રાવ લખપતજીની છત્રી'** એ નામે ઓળખાય છે. હાલમાં વિનાશકારી ભૂકંપમાં સુંદર કલાત્મક નકશીકામયુક્ત આ છત્રી થોડી નષ્ટ થયેલ જણાય છે.

લેરખીબાઈનું ઘર



ભુજનગરના પ્રેમી ભક્ત લેરખીબાઈને સંકલ્પ હતો કે મહારાજ મારે ઘેર પધારે તો મારો જન્મ સફળ થાય. આવો અંતરનો ભાવ જાણીને શ્રીજીમહારાજ સંતો-ભક્તોની સાથે તેમને ઘેર પધાર્યા હતા. અને લેરખીબાઈએ બનાવેલ સુંદર થાળ જમીને તેમનો મનોરથ પૂર્ણ કર્યો હતો. તેથી આ **'લેરખીબાઈનું ઘર'** પણ પ્રસાદીનું છે. હાલમાં આ ઘર તો પડી ગયું છે, પરંતુ તે સ્થાનની સ્મૃતિરૂપે ખાલી જગ્યા મોજુદ છે.

સંતદાસજીની છત્રી

એકસમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ હમીર સરોવરની પશ્ચિમબાજુ એક વડ હતો ત્યાં સંતો-હરિભક્તોને સાથે લઈને **સ્નાન કરવા** પધાર્યા હતા. ત્યાં વસ્ત્રો ઉતારીને સર્વે સ્નાન કરવા લાગ્યા. ભગવાન શ્રીહરિ પોતે સંતો-ભક્તોની સાથે ખૂબ **જળક્રિડા** કરીને બહાર નીસર્યા, બીજા સંતો-ભક્તો પણ બહાર નીકળ્યા. પરંતુ સાથે આવેલા **સંતદાસજી** નીકળ્યા નહિ. તેથી ફરીવાર સંતો સંતદાસજીને શોધવા સરોવરમાં ગયા પણ સંતદાસજી મળ્યા નહિ. તે વખતે શ્રીજીમહારાજ વસ્ત્રો ધારણ કરીને ચાલવા તૈયાર થયા ત્યારે સંતોએ કહ્યું :- "મહારાજ ! સંતદાસજી દેખાતા નથી. હમીર સરોવરમાં શોધ્યા પણ મળતા નથી." ત્યારે ભગવાન શ્રીહરિ કહે :- **"સંતદાસજી તો બદ્રિકાશ્રમમાં ગયા છે,** માટે એમને કોઈ ખોળશો નહિ."

આમ, શ્રીજીમહારાજે સંતદાસજીને ડૂબકી દેવરાવીને છેક બદ્રિકાશ્રમમોકલ્યા હતા, તે અદ્‌ભુત પુણ્ય પ્રસંગની સ્મૃતિમાં ફૂલવાડી (નારાયણબાગ)માં દક્ષિણ દિશાએ **છત્રી** બનાવી ભગવાન શ્રીહરિનાં **ચરણારવિંદ** પધરાવેલાં છે.

ફૂલવાડીમાં આંબલીવૃક્ષ તથા સ્મૃતિ છત્રી

નારાયણબાગ અને ફૂલવાડી નામે ઓળખાતા શ્રી સ્વામિનારાયણ મંદિરની વાડીમાં આ **આંબલીનું વૃક્ષ** આવેલું છે. જેની નીચે શ્રીજીમહારાજે **જ્ઞાનસભાઓ** કરીને સંતો-ભક્તોને **ઉપદેશ** આપેલો છે. એ પ્રસંગોની સ્મૃતિમાં આ આંબલીના ઝાડની બાજુમાં મનોહર કલાત્મક આઠ ખાંભીઓથી સુશોભિત **મોટી છત્રી**નું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે પણ ફૂલવાડીમાં પ્રસાદીનું ખાટી આંબલીનું ૨૦૦ વર્ષની યાદ અપાવતું આ વૃક્ષ શોભી રહ્યું છે.

નાનો મલ્લ અખાડો



લેરખીબાઈના ઘરની બાજુમાં જ આ 'નાનો મલ્લ અખાડો' આવેલો છે. અહિં ભગવાન શ્રીહરિએ મલ્લોને કુસ્તી કરાવીને મીઠાઈ જમાડી હતી. શ્રીજીમહારાજના પાવનકારી ચરણારવિંદથી પવિત્ર બનેલ આ સ્થાન પણ પ્રસાદીનું છે.

જેઠી મલ્લની વાડી

આ જેઠી મલ્લની વાડીમાં શ્રીજીમહારાજ સંતો-ભક્તો સહિત પધાર્યા હતા. અને અહિં બિરાજમાન **'નીલકંઠ મહાદેવ'**ની પૂજા કરી હતી. તેથી આ સ્થાન પણ પ્રસાદીનું છે.

શ્રી મનમોહનરાયજીનું મંદિર

આ મંદિરમાં બિરાજમાન શ્યામપાષાણની નાની મૂર્તિની પૂજા ભગવાન શ્રીહરિએ કરી છે. ભુજમાં થયેલા વિનાશકારી ભૂકંપ બાદ આ શ્રી મોહનરાયજીનું મંદિર નષ્ટ થવાથી તે સ્થાને **નૂતન મંદિર** નિર્માણ પામેલ છે. આ **દર્શનીય સ્થળ** પણ પ્રસાદીનું છે.

દેશલસર તળાવ

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનેક લીલાઓ અને વિચરણથી પાવન થયેલા ભુજ શહેરની પૂર્વ દિશાએ પણ પ્રસાદીના ઘણા સ્થળો આવેલા છે, તેમાંનું એક **'દેશલસર તળાવ'** છે. ભુજ શહેર અને ભુજીઆ ડુંગરની વચ્ચે આવેલા આ તળાવમાં પણ ભગવાન શ્રીહરિએ સંતો-ભક્તો સહિત અનેકવાર સ્નાન કરીને જળક્રીડાઓ કરી છે તેમજ લાધીબાઈને શ્રીજીમહારાજે સોળ શણગાર સજીને આ તળાવે પાણી ભરવા મોકલ્યા હતા. તેથી આ તળાવ પ્રસાદીનું છે.

શ્રી દાંડીવાળા મોટા હનુમાનજી મંદિર

દેશલસર તળાવને દક્ષિણે આ 'દાંડીવાળા મોટા હનુમાનજીનું મંદિર આવેલું છે'લગભગ ૫૫૦ વર્ષ જૂના આ મંદિરમાં પ્રતિષ્ઠિત આઠ ફૂટ ઊંચી શ્રી હનુમાનજીની પૂજા ભગવાન શ્રીહરિએ કરેલી છે. મંદિરની બાજુમાં કૂવો આવેલો છે, તે પણ પ્રસાદીનો છે.

સલાટનો વંડો

દેશલસર તળાવની પશ્ચિમે સલાટનો વંડો છે. આ સ્થળે ભગવાન શ્રીહરિએ જ્ઞાનસભાઓ કરી હતી તેમજ આ સ્થાને શ્રીજીમહારાજે દાતણ કરેલું છે. જેની સ્મૃતિરૂપે અહીં લીંબડાના વૃક્ષ નીચે છત્રી બનાવી તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદ પધરાવવામાં આવ્યા છે.

સુરલ ભિટ્ટ શ્રી જડેશ્વર મહાદેવ મંદિર

ભુજ શહેરના જૂના રેલ્વે સ્ટેશન વિસ્તારની પાછળ ધાર ઉપર આવેલા આ સુરલભિટ્ટ શ્રી જડેશ્વર મહાદેવની પૂજા ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી છે. તેથી આ સ્થાન પણ પ્રસાદીનું છે. આ ધાર ઉપરથી ભુજ શહેર સમક્ષ દૃષ્ટિ કરતા આખા શહેરના રમણીય દર્શન થાય છે.

પરમહંસોનું મિલન સ્થાન સ્મૃતિ છત્રી

આ સ્થાન સંપ્રદાયના સંતો-હરિભક્તો માટે પણ ખૂબ મહત્ત્વનું અને દર્શનીય છે. આ સ્થળે ભગવાન શ્રીહરિનું **નવા અઢાર પરમહંસો** સાથે **મિલન** થયું હતું. અને શ્રીજીમહારાજે પરમહંસો સન્મુખ આવી **દંડવત્ પ્રણામ** કર્યા ત્યાં તો પરમહંસોએ તત્કાળ આવીને શ્રીજીમહારાજને ઉપાડી લઈ બાથમાં ઘાલીને ભાવવિભોર થઈ ખૂબ જ હેતથી ભેટ્યા હતા. આ અદ્‌ભુત પ્રસંગની સ્મૃતિમાં અહીં છત્રી બનાવીને ભગવાન શ્રીહરિના **ચરણારવિંદ** પધારાવેલાં છે. આ સ્થાન ગોધરાવાડી - જૂના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલું છે.

શિવરા મંડપ, શ્રી નકલંગ મંદિર

સલાટના વંડાની નજીકમાં આ 'શિવરા મંડપ-શ્રી નકલંગ મંદિર' આવેલું છે. લગભગ પોણા ત્રણસો વર્ષ જૂના નકલંગ ભગવાનના સાંનિધ્યમાં શ્રીજીમહારાજે **અઢાર નવા પરમહંસોની જ્ઞાનસભા** ભરી હતી. આ સ્થાન પણ અતિ પ્રસાદીનું છે.

પ્રાસાદિક રાયણ વૃક્ષ

શિવરા મંડપની દક્ષિણ દિશાએ આવેલું આ **'રાયણનું વૃક્ષ'** પણ દર્શનીય છે. રાયણના આ વૃક્ષ નીચે બેસીને ભગવાન શ્રીહરિ થાળ જમેલા છે. શ્રીજીમહારાજ જ્યારે ધમડકાથી અંજાર જતા અને અંજારથી ભુજ પધારતા ત્યારે આ રાયણના વૃક્ષ નીચે બેસતા અને વિસામો લેતા. ભગવાન શ્રીહરિએ આ સ્થળે સંતો-હરિભક્તોને અક્ષરધામના મુક્તોના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગની સ્મૃતિરૂપે અહીં વૃક્ષ નીચે છત્રી બનાવીને શ્રીજીમહારાજના **ચરણારવિંદ** પધરાવેલા છે. હાલ આ સ્થાન ભાવેશ્વરનગર વિસ્તારમાં આવેલું છે.

ગંગારામમલ્લનો અખાડો

આ ગંગારામમલ્લના અખાડે શ્રીજીમહારાજે ગંગારામમલ્લનો ગર્વ ઉતાર્યો હતો. ગર્વગંજન ભગવાન શ્રીહરિએ ગંગારામમલ્લ સાથે મલ્લકુસ્તી કરીને બેશુદ્ધ અવસ્થામાં મોઢે ફીણ લાવી દીધા હતા. હાલ આ જગ્યાએ **પ્રસાદીનું લીંબવૃક્ષ** શોભી રહ્યું છે. આ પ્રાસાદિક સ્થાન **જૂની શાક માર્કેટ**ની બાજુમાં **મીનારા મસ્જીદ** પાસે આવેલું છે.

ગંગારામ મલ્લનું ઘર

ગંગારામમલ્લના ઘરે શ્રીજી મહારાજ જ્ઞાનસભાઓ કરીને **હરિભક્તોને ઉપદેશ** આપ્યો હતો. તેમજ ફૂલમંડળી કરી ફૂલોના હિંડોળે મહારાજ ઝૂલ્યા હતા. અહીં નૃસિંહાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિના દર્શનથી **સમાધિ** લાગી હતી. વિનાશકારી ભૂકંપ વખતે આ ઘર પડી જતાં એ જગ્યા મંદિરે ખરીદી કરીને આ સ્થાને **સુંદર છત્રીનું નિર્માણકાર્ય** કરીને તેમાં શ્રીજીમહારાજના **ચરણારવિંદ** પધરાવેલા છે. આ પ્રાસાદિક સ્થાન **જૂની શાક માર્કેટ**ની બાજુમાં આવેલું છે.

શિરોમણી શ્રી રણછોડરાયજી મંદિર

ભગવાન શ્રી સ્વામિનારાયણના ભુજમાં સં. ૧૮૬૦ થી સં. ૧૮૮૦ સુધીના વિચરણ દરમ્યાન આ શિરોમણી શ્રી રણછોડરાયજી ભગવાનની પૂજા શ્રીજીમહારાજે કરી હતી. **આ પ્રાસાદિક મંદિર** જૂની શાક માર્કેટની બાજુમાં આવેલું છે.

લાધીબાઈનું ઘર

પ્રભુભક્તિ સંદર્ભે જેનો **સવિશેષ** ઉલ્લેખ કરી શકાય એવા કાયસ્થ જ્ઞાતિના **લાધીબાઈ**નું કાયસ્થ ફળિયામાં આવેલું નાનકડું ઘર પ્રસાદીનું છે. હરિભક્તોની મનોકામના પુરી કરતા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે લાધીબાઈના અંતરના અરમાન પૂર્ણ કરવા અહીં અન્નકૂટ ઉત્સવ કર્યો હતો. જે ભુજનો સર્વ પ્રથમ અન્નકૂટોત્સવ હતો. ભગવાન શ્રીહરિ અહીં અનેકવાર થાળ જમેલા છે. શ્રીજી મહારાજની ના હોવા છતાં પોતાના ભત્રીજા હરજીવનની જાનમાં ગયેલા લાધીબાઈ ગાડામાંથી પડી ગયા અને ઘાયલ થયા ત્યારે સ્વયં શ્રીજીમહારાજે તેમની સારવાર કરી હતી અને રાબ પીવડાવી હતી. આવી તો અનેક લીલાઓની સાક્ષી એવી **લાધીબાઈની ઓરડી**માં વેદિકા કરીને **શ્રીજીના ચરણારવિંદ** પધરાવવામાં આવ્યા છે. હાલ આ સ્થાન જૈનવંડાની બાજુમાં આવેલું છે.

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર

આ મંદિરે શ્રીજીમહારાજ સંતો-ભક્તો સહિત દર્શન કરવા પધારતા અને મંદિરમાં બિરાજમાન શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અક્ષત-ચંદન-પુષ્પથી પૂજા સ્વયં ભગવાન શ્રીહરિએ કરી હતી. તેથી આ સ્થાન પણ ખૂબ પ્રસાદીનું છે. હાલ આ સ્થાન **એ-વન ફ્રાયફ્રુટની** બાજુમાં, **જુની શાક માર્કેટમાં** આવેલું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી 'સ્મૃતિ મંદિર'

ભક્તોના હૃદયેશ્વર સર્વાધાર, સર્વકારણના કારણ, કરુણાવરુણાલય ઉપાસ્ય ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણની ૨૦૦મી જન્મજયંતિ** અંતર્ગત **'દ્વિશતાબ્દી મહોત્સવ'** નિમિત્તે ભુજ શહેરની પશ્ચિમે એક ભવ્ય **'સ્મૃતિ મંદિર'**નું નિર્માણ કરવામાં આવેલું છે. તા. ૭-૫-૧૯૯૨ના સપરમા દિને **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના વરદ્ હસ્તે આ સ્મૃતિ મંદિર ભક્તજનો માટે શાસ્ત્રોક્ત પ્રમાણે વેદોક્તવિધિથી **પ્રાણ પ્રતિષ્ઠા** કરીને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ મંદિર બે માળમાં સુંદર નયનરમ્ય **કલાત્મક** રીતે શોભી રહ્યું છે. મંદિરના મધ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને જમણી બાજુએ શ્રીકૃષ્ણ-રાધિકાજીની સુંદર મૂર્તિઓ છે, ડાબી બાજુએ નરનારાયણદેવની આરસની મૂર્તિ છે. આ બધી જ મૂર્તિઓ લગભગ ૪ ફૂટની દર્શનીય મૂર્તિઓ છે. અહીંની દિવાલો પર ભગવાન શ્રીહરિના **વિધવિધ લીલાચરિત્રો**ને અતિ મનોહર અને આકર્ષક શિલ્પોથી કંડારી મૂર્તિમંત પ્રતિબિંબિત કરેલા છે. ગુંબજમાં **શ્રીજીમહારાજની રાસલીલા, જીવન પ્રસંગો,** ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે બંધાવેલા મંદિરો, રામાયણ અને મહાભારતના મુખ્ય પ્રસંગો વગેરે **વિવિધ ચરિત્રો** કંડારવામાં આવેલા છે. આ રંગીન ચિત્રોમાં ચિત્રકાર શ્રી ફતેસિંહ બાપુ (ગઢડાવાળા)ની સૂઝ અને અદ્‌ભુત કલાના દર્શન થાય છે, જે અતિ મનમોહક છે.

ઉપરના મજલે ઊંચી પીઠિકા ઉપર **પાંચ મૂર્તિઓ** છે. મધ્યમાં મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણી, ડાબી બાજુએ ભગવાન શ્રી રામચંદ્રજી તથા સીતાજી અને જમણી બાજુએ શ્રી નારાયણ ભગવાન અને શ્રી લક્ષ્મીજીની શોભાયમાન મૂર્તિઓના દર્શન થાય છે. ઉપરના મજલે પણ દિવાલોમાં અનેક સુંદર શિલ્પો કંડારેલા છે, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના વિવિધ **દિવ્ય જીવનપ્રસંગો** અને **લીલાચરિત્રો**ની ઝાંખી થાય છે.

ભુજમાં ભગવાન શ્રીહરિના જીવન -કાર્યની કુમકુમવર્ણી તિથિ

પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

❖ **સં. ૧૮૬૦ - ચૈત્ર સુદ - ૯, (ઈ.સ. ૧૮૦૪)**

- ભુજમાં ભગવાન શ્રીહરિએ સૌપ્રથમ વાર પધારીને રામનવમીનો ભવ્ય ઉત્સવ કર્યો હતો.

❖ **સં. ૧૮૬૦ - ચૈત્ર સુદ (ઈ.સ. ૧૮૦૪)**

- ભગવાન શ્રીહરિએ ભુજમાં જગજીવન-કુબેરજીત દ્વારા થઈ રહેલા હિંસામય યજ્ઞનો ધ્વંસ કરીને અહિંસામય યજ્ઞનો પ્રારંભ કરાવ્યો.

❖ **સં. ૧૮૬૨ - મહા સુદ - ૫, (ઈ.સ. ૧૮૦૬)**

- શ્રીજીમહારાજે આજે વસંતપંચમીનો ઉત્સવ ઉજવ્યો હતો.

❖ **સં. ૧૮૬૨ - મહા વદ - ૮, (ઈ.સ. ૧૮૦૬)**

- માનકૂવાથી શ્રીજીમહારાજે સર્વે સત્સંગીઓને પત્ર લખીને ભગવાનનું ભજન કરવાની આજ્ઞા અને જીભે કરીને ઝાઝાં નામ લેવાની આજ્ઞા કરી હતી.

❖ **સં. ૧૮૬૨ - વૈશાખ સુદ, (ઈ.સ. ૧૮૦૬)**

- આધોઈથી ભગવાન શ્રીહરિએ શાપુર (રાપર)વાળા સામંતજી ઉપર પત્ર લખ્યો હતો.

❖ **સં. ૧૮૬૪ - આસો વદ - ૩૦, (ઈ.સ. ૧૮૦૮)**

- ભગવાન શ્રીહરિએ સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામમલ્લ, હરજીવન, શિવરામ, લાધીબાઈ, સુરજબા, નાનીબાઈ વગેરે ભક્તોના ભાવને વશ થઈને અન્નકૂટોત્સવ ભુજમાં કર્યો હતો.

❖ **સં. ૧૮૬૪ - માગશર વદ ૨, (ઈ.સ. ૧૮૦૮)**

- શ્રીજીમહારાજે સુંદરજીભાઈ પાસે ગઢપુરનિવાસી જીવુબાઈ, રાજબાઈ વગેરે સ્ત્રીભક્તો ઉપર પત્ર લખાવ્યો હતો.

❖ **સં. ૧૮૬૫ જેઠ માસ, (ઈ.સ. ૧૮૦૯)**

- ભગવાન શ્રી હરિએ કચ્છ પ્રદેશમાં સત્સંગ વિચરણ કર્યું હતું.

❖ **સં. ૧૮૬૬ ફાગણ સુદ - ૧૫, (ઈ.સ. ૧૮૧૦)**

- ભગવાન શ્રીહરિ સુંદરજીભાઈના ઘરેથી ગંગારામ મલ્લને ઘેર ચાલ્યા ગયા. શ્રીજીમહારાજને સાથળમાં ગુમડું થયું હતું.

❖ **સં. ૧૮૬૬ - આસો વદ - ૩૦, (ઈ.સ. ૧૮૧૦)**

- ભગવાન શ્રીહરિએ અન્નકૂટોત્સવ ભુજમાં કર્યો હતો.

❖ **સં. ૧૮૬૬ - ચૈત્ર સુદ ૯, (ઈ.સ. ૧૮૧૦)**

- ભુજમાં ભગવાન શ્રીહરિએ હરિનવમીનો ભવ્ય ઉત્સવ કર્યો હતો.

❖ **સં. ૧૮૬૭ શ્રાવણ માસ, (ઈ.સ. ૧૮૧૧)**

- ભગવાન શ્રીહરિ હિરજીભાઈના ઘરે રહીને અનેક લીલાઓ કરી હતી.

❖ **સં. ૧૮૬૭ ભાદરવા સુદ - ૧, (ઈ.સ. ૧૮૧૧)**

- ભગવાન શ્રીહરિ ભુજમાં જણસારીના મંદિરે પધારી થાળ જમ્યા અને ભક્તજનોને ઉપદેશ આપ્યો હતો.

❖ **સં. ૧૮૬૮ જેઠ સુદ - ૧૧, (ઈ.સ. ૧૮૧૨)**

- ભગવાન શ્રીહરિએ ભુજમાં રહીને એકાદશી વ્રતનો ઉત્સવ કર્યો હતો.

❖ **સં. ૧૮૭૯ ચૈત્ર વદ - ૧૩, (ઈ.સ. ૧૮૨૩)**

- આજ રોજ શ્રીજીમહારાજ શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા માટે ભુજ પધાર્યા હતા..

❖ **સં. ૧૮૭૯ વૈશાખ સુદ - ૫, (ઈ.સ. ૧૮૨૩)**

- ભગવાન શ્રીહરિએ બાથમાં લઈને શ્રીનરનારાયણ દેવની નૂતન મંદિરમાં વેદોક્તવિધિ પૂર્વક સ્થાપના કરી હતી.

❖ **સં. ૧૮૮૦ અષાઢ સુદ - ૧૧ , (ઈ.સ. ૧૮૨૪)**

- ભગવાન શ્રીહરિએ ચાતુર્માસના વિશેષ નિયમો સૌને આપી વ્રતો શરુ કરાવ્યા હતા.

મોક્ષમાર્ગમાં અંતરાયભૂત થતાં તમામ વિઘ્ન-પરિબળોનો જડમૂળ પરાભવ કરવા માટે જાગૃત બનેલા ભક્તજનોને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસા સભર અણમોલ ઉપાય...!!!

શ્રી સ્વામિનારાયણ મહામંત્રના સર્વોપરિ મહિમાથી અને આજ્ઞા-ઉપાસનાનાં અલૌકિક બળથી આત્મ-ઉન્નતિને માર્ગે અગ્રેસર બનો...

(ખંભાતને આંગણે યોજાયેલ સત્સંગ સભા પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપેલ અંતરના રૂડા આશીર્વાદ)

સંકલન :- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આજે અમારા આ **સત્સંગ પરિવાર**ના આમંત્રણને માન આપી **પરિવારના એક સભ્ય** તરીકે હું તમારી વચ્ચે ઉપસ્થિત થયો છું. આ મારું એક કુટુંબ છે, મારો એક પરિવાર છે. અને આ પરિવારને આ દેહનો સંબંધ કે દેહના સંબંધીઓ જેવો માયિક ન સમજશો. આ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્થાપેલો **દિવ્ય પરિવાર** એ જગતનો કે જગતના જીવો જેવો સામાન્ય પરિવાર નથી. કારણ કે દેહનો સંબંધ અને આ દેહના સંબંધીનું જ્યાં સુધી અસ્તિત્વ છે ત્યાં સુધી એ સંબંધ જળવાય છે. પરંતુ મારા **આત્માના સગા** મારા ભગવાન **શ્રી સ્વામિનારાયણના આશ્રિત** છો એ નાતે મારા સગપણમાં આવ્યા છો તે **આપણો સંબંધ** અક્ષરધામ સુધી રહેવાનો છે. એટલે આજે કોઈ વ્યક્તિ પોતાના ઘરે આવે અને જેટલો આનંદ થાય એવો આનંદ આજે મને મારા આ પરિવાર વચ્ચે આવીને થયો છે.

આ જગતમાં જે જે વસ્તુની **ઉત્પત્તિ** બતાવી છે તે તે વસ્તુનો શાસ્ત્રોએ **અંત** પણ બતાવ્યો છે. જેનું **નામ** છે એનો **નાશ** છે. એટલે જગતને હંમેશા શાસ્ત્રકારોએ કથાના માધ્યમથી ચાહે કોઈપણ સંપ્રદાય હોય - વૈષ્ણવ સંપ્રદાય હોય કે રામાનુજ સંપ્રદાય હોય, મધ્વ સંપ્રદાય હોય, કોઈપણ સનાતન **વૈદિકધર્મને અનુસરનાર** સંપ્રદાય હોય એ **સંપ્રદાય**ના અધિકારીઓએ, એના આચાર્યોએ, એના ઋષિમુનિઓએ હરહંમેશ આ જીવાત્માને **એકજ ઉપદેશ** આપેલો છે કે આ જગતની અંદર જીવને જોડવા કરતાં; તેને માયાના નાશવંત સુખમાં મોહ નહિ પામીને અવિનાશી એવા **પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે જ દાખડો કરવો.** અને આ સંપ્રદાયનો એજ **પાયો** છે.

વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે :- "આ મનુષ્યદેહ મળ્યો છે તેની પાછળ જો કોઈ લક્ષ કે હેતુ હોય અથવા આ મનુષ્ય જન્મને સાર્થક કરવો હોય તો આ જન્મે જ ભગવાનના ધામના આપણે **અધિકારી** બનીએ, એવી **લાયકાત** કેળવીએ, એવું ભાથું ભરી લઈએ તો આપણો મનુષ્ય જન્મ સફળ થાય." શ્રીજીમહારાજે મોક્ષ અને કલ્યાણના બહુ સુંદર ઉપાય બતાવ્યા છે. ભગવાન શ્રીહરિએ **વચનામૃતમાં એક પ્રશ્ન** પૂછ્યો છે :- "જીવાત્માને પોતાનું કલ્યાણ કરવું હોય તો એનું શ્રેષ્ઠ સાધન ક્યું છે ? અને તમે વળી એમ કહો કે ધર્મ, ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્યે કરીને જીવાત્માનો મોક્ષ થાય છે. તો મહારાજ કહે કે ભગવાનના આશ્રયે કરીને કે ભગવાનની કૃપાએ કરીને જીવાત્માનો મોક્ષ થાય છે એ સિદ્ધાંત ક્યાં જશે ?"

સંતોએ ઘણા પ્રયત્નો કર્યા છતાં પણ એ પ્રશ્નનો ઉત્તર ન થયો એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં એમ બોલ્યા :- **"જીવાત્માને જો મોક્ષ જોઈતો હોય, ભગવાનના ધામની પ્રાપ્તિ કરવી હોય તો એ કેવળ ભગવાનનો દૃઢ નિશ્ચય અને એક ભગવાનની કૃપાથી જ થાય છે.** આ સિવાય જીવાત્માને **મોક્ષ**

મેળવવાનું બીજું કોઈ **સાધન** નથી.'' પણ એ ભગવાનનો દૃઢ નિશ્ચય થાય ને જીવાત્મા ઉપર ભગવાનની કૃપા ઉતરે તેના માટે **કર્મ** કરવું જરૂરી છે. એટલે વ્હાલા ભક્તજનો ! આ સિદ્ધાંતને પકડી રાખજો કે, 'આપણો સંપ્રદાય એ કર્મપ્રાધાન્ય અને કૃપાસાધ્ય છે.' કર્મ કરવું જોઈએ પણ **સિદ્ધિ** શાનાથી મળે છે ? તો સિદ્ધિ **ભગવાનની કૃપા અને રાજીપાથી** મળે છે અને એ ભગવાનનો **રાજીપો** કેમ મળે ? તો શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણ ૬૨મા વચનામૃતના માધ્યમથી બહુ સુંદર સમજાવ્યું છે કે, **'ભગવાનને રાજી કરવા હોય તો** કદાચ બીજું કાંઈ જ્ઞાન હોય કે ન હોય પણ આપણો દેહ, આપણું મન, ધન-ધામ, આપણો પુત્ર-પરિવાર, **જેને આપણું ગણતા હોઈએ એ સહિત ભગવાનની સેવામાં સમર્પિત થઈ જઈએ.'** આનાથી વિશેષ ભગવાનને રાજી કરવાનું કોઈ **સાધન** નથી.

તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ **ષડ્અંગી સંપ્રદાય**ની સ્થાપના કરી, પોતાના હસ્તે મંદિરો નિર્માણ કર્યા, તેની પાછળનો ઉદ્દેશ બહુ શુદ્ધ છે. **મોક્ષ માર્ગની બે પાંખો છે - આજ્ઞા અને ઉપાસના.** મોક્ષ મેળવવા માટે આ બે વસ્તુ અવશ્ય જોઈશે. એક ભગવાનની આજ્ઞા અને બીજી ભગવાનની સર્વોપરી શુદ્ધ ઉપાસના. **જે ભગવાનની આજ્ઞા દૃઢપણે પાળે છે** અને **ભગવાનની સર્વોપરી ઉપાસનામાં જોડાયા છે** તે જ જીવાત્મા ભગવાનના ધામના **અધિકારી** બને છે. અન્યથા સાધનથી સિદ્ધિ થતી નથી. સાધન તો લક્ષ્યને પ્રાપ્ત કરવાનું **માધ્યમ** છે. **સાધન મળવું એ સિદ્ધિ નથી.** કોઈ ધર્મવાન થઈ ગયા હોય અને તે ધર્મવાનપણાનું જો તેને ગુમાન આવે તો તે મોક્ષમાર્ગમાંથી ચલિત થઈ જાય છે. એટલે ભગવાનને રાજી કરવા માટે **દાસત્વભક્તિ** કરવી.

વિશ્વમાં હજારો નામ ભગવાનના પ્રવર્તેલા છે અને હજારો નામ આપણે બોલીએ પણ છીએ. પરંતુ સકળ બ્રહ્માંડમાં એક એવું **અજોડ નામ** કે સ્વયં પરબ્રહ્મ પરમાત્માએ પોતાના મુખે એ નામ આપ્યું હોય તો એ **'સ્વામિનારાયણ' મહામંત્ર** છે. આ મંત્રની **અજોડ તાકાત** છે.

એકવખત વડોદરાના બાપુસાહેબ શ્રીજીમહારાજ પાસે આવ્યા. અને પોતાની બડાઈ દેખાડવા માટે તલવારના દાવ કર્યા. ત્યારે ભગવાન શ્રીહરિએ સંકલ્પ કર્યો એટલે પોતાની પાસે માળા પડી હતી તે આકાશમાં સુદર્શન ચક્રની જેમ ફરવા માંડી ને માળામાંથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** નામ નીકળવા માંડ્યું. આ **પ્રતાપ** છે ભગવાનનો...!!!

એકવખત શ્રીજીમહારાજે ગઢડામાં સંતો-પરમહંસોને બેસાડ્યા ને પ્રશ્ન કર્યો કે, ''રામાવતારની અંદર તો રાવણને માર્યો, સાગર ઉપર સેતૂ બાંધ્યો અને અનેક અસુરોનો સંહાર કર્યો એટલે ભગવાન **મર્યાદા પુરુષોત્તમ 'રામ'** કહેવાયા. શ્રીકૃષ્ણ ભગવાને પણ કંસનો નાશ કર્યો, ગોવર્ધન તોળ્યો અને મહાભારતના યુદ્ધમાં વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા એટલે એમને **ભગવાન** કહેવાયા. મચ્છ, કચ્છ, વરાહ, વામન આદિક અવતારોએ કાંઈક પરાક્રમ બતાવ્યા એટલે એમને ભગવાન તરીકે સંસાર માને છે. પરંતુ અમે તો આવું કાંઈ પરાક્રમ જ નથી કર્યું, તો પછી અમને તમે બધા ભગવાન શા માટે માનો છો ?'' ત્યારે સંતોએ બહુ સરસ ઉત્તર આપ્યો. અને એ ઉત્તર માત્ર શ્રીજીમહારાજને સંભળાવવા માટે ન હતો. પણ આ જગતના જીવાત્માઓને તત્ત્વજ્ઞાન સમજાવવા માટેનો હતો. જીવાત્માને મોક્ષમાં બાધારૂપ બને એવા બે પ્રકારના શત્રુઓ બતાવેલા છે. એક તો અંતઃશત્રુઓ અને બીજા બાહ્ય શત્રુઓ. **બાહ્ય શત્રુઓ એટલે** પ્રત્યક્ષપણે જોઈ શકાય એવા **દેશ, કાળ અને સંગ.** અત્યારે કળિયુગનો સમય ચાલે છે. એ કળિયુગ આપણો **મહાન શત્રુ** છે. કારણ કે જીવાત્માના વિચારો ઉપર આ **યુગનો પ્રભાવ** છે. સંગ પણ જીવાત્માના વિચારો અને કાર્યો ઉપર પ્રભાવ કરે છે. આમ, ભૂંડા દેશ, કાળ અને સંગ જો મળે તો **અધોગતિ**ને પામે અને રૂડા દેશ, કાળ અને સંગ જો મળે તો **ઊર્ધ્વગતિ** એટલે કે મોક્ષના પથ પર આગળ ચાલે છે. આમ, ભૂંડા

દેશ, કાળ અને સંગ એ બાહ્ય શત્રુઓ છે. અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષ્યા, આશા, તૃષ્ણા આ બધા અંતઃશત્રુઓ છે. જે જીવાત્માની અંદર રહીને તેને ખોતરે છે ને **મોક્ષમાર્ગમાં વિઘ્ન** ઉત્પન્ન કરે છે.

આ બંને શત્રુઓને ટાળવાનો ઉપાય શ્રીજીમહારાજે બતાવ્યો છે. સંતો ભગવાન શ્રીહરિને કહે છે :- "હે મહારાજ ! પૂર્વે જે બધા અવતારો થયા તેમણે તો **બાહ્ય શત્રુઓ**ને માર્યા છે. રાવણ, કંસ આદિક અસુરોને માર્યા છે, પરંતુ જીવાત્માની અંદરના કામ, ક્રોધરૂપી શત્રુને માર્યા નથી. અને જીવાત્માના એ **અંતઃશત્રુઓ**ને તમે માર્યા છે. તમે શસ્ત્ર ભલે હાથમાં લીધું નથી, પરંતુ વિના શસ્ત્રે તમોએ અંતઃશત્રુઓને માર્યા છે."

ગઢપુરમાં જ્યારે ભાણખાચરે હલ્લો કર્યો ત્યારે શ્રીજીમહારાજે બખ્તર ધારણ કર્યું છે, પરંતુ તેનો **ઉપયોગ** કર્યો નથી કે નથી ઉપયોગ કરવાની જરૂર પડી. **કેવળ પોતાની સંકલ્પ શક્તિથી** જીવાત્માના **અસુરત્વ**ને નાશ કર્યું છે.

આ **આપણા સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન** છે. આપણે હાથમાં શસ્ત્ર લેવાની જરૂર નથી, આપણે હાથમાં માળા લ્યો. **'સ્વામિનારાયણ' મહામંત્ર**માં એટલી તાકાત છે કે આપણી ભક્તિની શક્તિથી પરબ્રહ્મ પરમાત્મા જો બંધાતા હોય તો કળિયુગ નાશ કેમ ન પામે ? આપણા જીવાત્માની અંદર રહેલા અંતઃશત્રુઓ નાશ કેમ ન પામે ? રાગદ્વેષ નાશ કેમ ન પામે ? આપણી શ્રદ્ધા જો સાચી હોય તો ભગવાનને આપણા સંકલ્પો બધા પૂર્ણ કરવા પડે. અને એ જાગૃતિ લાવવા માટે આ સત્સંગમાં યુવાનો જ્યારે થનગની રહ્યા છે ત્યારે એક પરિવારના સદસ્ય તરીકે મારી એક ફરજ છે અને બને જ કે ભગવાન શ્રી સ્વામિનારાયણના દિકરા તરીકે તમારા સંકલ્પની અંદર હું જોડાઉં.

નંદસંતોએ જ્યારે પંક્તિ લખી કે, **'માંહી પડેલા મહાસુખ માણે, દેખનહારા દાઝે જો...'** આ પંક્તિ વાંચીને એવો વિચાર આવતો કે આને ક્યાં લગાવવી ? આનો ઉપયોગ ક્યાં કરવો ? પરંતુ આજે જે પરિસ્થિતિઓ સર્જાણી છે એને જોતા એમલાગે છે કે એ પંક્તિઓ અત્યારના સમયના સંદર્ભમાં લખાણી હશે. નંદસંતોએ આ પંક્તિઓ બહુ ઉચિત લખી છે. જેણે ભગવાનને **સર્વોપરી** માન્યા છે, જેને જબરેશ્વર શ્રી હરિકૃષ્ણ મહારાજમાં **શ્રદ્ધા** અને **વિશ્વાસ** છે, ભગવાન શ્રી સ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રીમાં જેને વિશ્વાસ છે. શ્રીજીમહારાજના વચનામૃત, સત્સંગિજીવન આદિક ગ્રંથોમાં જેને શ્રદ્ધા અને વિશ્વાસ છે એ મહાસુખને અનુભવે છે અને જે **દેખનહારા** છે, જેને નથી જોવાતું એ દાઝે છે. ભગવાનને **પ્રાર્થના** કરો કે ભગવાન એમને પણ **શીતળતા** અને **શાંતિ** આપે, એમને પણ સત્ય વાત સમજાય. એવા માર્ગ ભૂલેલા વ્યક્તિઓ પણ આ ધર્મના માર્ગમાં - આ મોક્ષના માર્ગમાં **સમ્મિલીત** થાય.

આજે યુવાનોને અમે ખાસ ભલામણ કરીએ છીએ કે **પાશ્ચાત્ય સંસ્કૃતિ** ભલે ગમે તેટલી સારી છે પણ એ આપણી માતૃ સંસ્કૃતિ ન બની શકે. આપણા મામા, કાકા, કાકી, માસી તે ભલે ગમે તેટલા સારા હોય - પરંતુ તે આપણી **'મા'** ન બની શકે. મા તે મા જ રહે. તેમ આપણી **ભારતીય સંસ્કૃતિ** છે તે આપણી **માતૃ સંસ્કૃતિ** છે. તેનો ક્યારેય છેડો ન છોડશો. આપણી આ ગૌરવવંતી પરંપરાનો છેડો ન છોડશો. અને જીવનમાં ક્યારેય **વ્યસનનું દૂષણ** ન પેસવા દેશો. **વ્યસન તો અધોગતિનો પાયો છે,** માટે વ્યસનનો ત્યાગ ખાસ કરીને કરજો. અને ખરેખર તમારે નશો જ કરવો હોય, કેફ કરવો જ હોય તો **ભગવાનની ભક્તિ**ના રંગે કેફ-નશો કરજો.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે, ધ્રુવ, પ્રહ્લાદ જેવાને એકવખત **ભગવાનનો મહિમા** સમજાણો ને ભગવાનની ભક્તિ-રંગે રંગાણા પછી આજીવન કેફી રહ્યા ને હજારોને કેફી કર્યા. આપણા જીવનમાં પણ એ **ખુમારી** હોવી જોઈએ કે હું ભગવાન શ્રીહરિનો આશ્રિત છું. સ્વામિનારાયણ ભગવાન જેવો ધીંગો ધણી છે, જબરેશ્વર શ્રી હરિકૃષ્ણ મહારાજ જેવું સાંનિધ્ય છે તો મારા વર્તન-વાણી અને ક્રિયાની મારામાંથી કાંઈક **પ્રેરણા** મળે અને હું સમાજની રાહમાં ન વળી જાઉં, પણ સમાજને સત્સંગના રાહમાં વાળું ત્યારે આપણે સાચા શૂરવીર સત્સંગી કહેવાયીએ અને એના માટે આપણે જાગૃત ને કટિબધ્ધ થવાની જરૂર છે.

અને આજે મને આનંદ છે કે **સત્સંગ સમાજ ખરેખર જાગૃત થયો છે.** કારણ કે લાડવા ખાવા તો સૌ કોઈ ભેગા થાય છે, હું નાનપણથી સંપ્રદાયમાં જોઉં છું; પરંતુ જ્યારે **ખરેખર સિદ્ધાંતને સમજવાની વાત આવે - જ્યારે પોતાના જીવનને પરિવર્તન કરવાની વાત આવે ત્યારે માણસ કાયર થઈને ભાગી જાય** છે. પણ આજે એ વાતનો મને આનંદ છે કે આ સભામાં બેઠેલા સત્સંગીઓ કાયર નથી. આ **સહજાનંદી સિંહો** છે અને એનું મને **ગૌરવ** છે. આજે જબરેશ્વર શ્રીહરિકૃષ્ણ મહારાજના શ્રીચરણોમાં પ્રાર્થના કરું કે, આ મારા **ભક્તો** - આ મારા **પરિવાર**ને ખૂબ એવું બળ આપજો કે **આપના સ્થાપેલા શુદ્ધ અને પવિત્ર સિદ્ધાંતો, શુદ્ધ ઉપાસના-ભક્તિનો માર્ગ** અને **સંપ્રદાયની મર્યાદાઓનું પુનઃ સ્થાપન** કરે અને પોતાના જીવનમાં તો કલ્યાણનું સાધન દૃઢ કરે જ, પરંતુ સાથે સાથે હજારો જીવાત્માઓને આ તરફ વાળી શકે. અને તમારા માધ્યમથી સત્સંગમાં એક નવો ક્રાંતિયુગ સર્જાય.

અમારા આ જીવનમાં **દૈહિક** કોઈ **શત્રુ** જ નથી, અમારા વૈરી તો પાપકર્મો છે, દુરાચાર છે અને અધર્મ છે. **અધર્મનો નાશ થાય** ને **ધર્મની સ્થાપના** થાય અને સમગ્ર સમાજ એની અંદર જોડાય. ચાહે તે કોઈપણ ઈષ્ટદેવને માનતા હોય, કોઈ રામને ભજતા હોય - કોઈ કૃષ્ણને ભજતા હોય કે શિવજીને ભજતા હોય - કોઈ મહાવીરને ભજતા હોય કે માતાજીને ભજતા હોય. પરંતુ એક વાત યાદ રાખજો કે **જેને પોતાના ઈષ્ટદેવ માન્યા છે તેની આજ્ઞા પાળવી.** કારણ કે આપણી

સ્વાર્થવૃત્તિ છે કે, **'ચાકર તેરા પણ કહ્યા નહિ કરના...'**

ગઢપુરમાં એકવખત શ્રીજીમહારાજ ચોમાસાની ઋતુમાં અક્ષરઓરડીમાં સૂતા હતા. ત્યારે છાપરાનું નળીયું ખસી ગયું એટલે ભગવાન શ્રીહરિએ પાસે રહેલા એક ભક્તને કહ્યું :- "મારા ખભા ઉપર પગ મૂકીને આ નળીયું સરખું કરી નાંખો, જેથી પાણી ન ટપકે." ત્યારે તે ભક્તએ કહ્યું :- "હે મહારાજ ! મારાથી તમારા ખભા ઉપર કેમ પગ મૂકાય ?" તેને શ્રીજીમહારાજ કહે :- "મારી જીભ ઉપર તો પગ મૂકી દીધો...!!!" મારા વચનથી ઉપર તમે કામ કરો છો અને પછી સર્વોપરીની વાત કરો છો. શ્રીજીમહારાજે **મંદિરો** બાંધીને તેમાં **મૂર્તિઓ** પધરાવી. અને **તેનું પ્રમાણ** સંપ્રદાયના શાસ્ત્રો **સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃત** વગેરે પૂરે છે કે, **'મારી પધરાવેલી જે મૂર્તિ તેમાં હું અખંડ રહ્યો છું અને મારા સ્થાને આરુઢ થનાર આચાર્યશ્રીએ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિમાં હું અખંડ રહ્યો છું.'** એનાથી અન્ય કોઈ મૂર્તિની ઉપાસના કરીએ તો એ **ઉપાસનાનું જ ખંડન** છે. પોતપોતાના સંપ્રદાયના જે નિયમ હોય તે નિયમને અનુસરીને પણ એની ઉપાસના ને પતિવ્રતાની ભક્તિ કરવી. અને જ્યારે મન-કર્મ-વચનથી મહારાજને સમર્પિત થઈએ ત્યારે જ **પતિવ્રતાનો ધર્મ** સાચો નિભાવ્યો કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણને સ્વયં બધું જ આપતા ગયા છે - છ મંદિર બંધાવ્યા ને તેમાં પોતાના સ્વરૂપોની સ્થાપના કરી. અને **શ્રીહરિકૃષ્ણ મહારાજ** જેવા **પ્રત્યક્ષ સ્વરૂપની જ ઉપાસના** કરવાનું **પ્રબળ પ્રમાણ** આપી ગયા છે, તો હવે બીજી શી વાતની ખામી છે ?

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૬૧માં શ્રીજીમહારાજ પ્રશ્ન પૂછે :- "**સાચો સત્સંગી** કોને કહેવાય ?" તો **જેનો નિયમ, નિશ્ચય અને પક્ષ દૃઢ હોય** તે **સાચો સત્સંગી** છે. બાકી કોઈ **સત્સંગીની વ્યાખ્યામાં** આવતા નથી.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨૫માં ભગવાન શ્રીહરિ કહે :- "**ખરો હરિભક્ત** કોને કહેવાય ?" તો ગમે તેટલું દુઃખ આવે, ગમે તેવો આપત્કાળ આવે, ગમે તેવી પરિસ્થિતિ સર્જાય તોપણ એની **ઉપાસના-ભક્તિ-ધર્મ-નિયમ અને શ્રદ્ધા** - આ **પાંચ વાનામાં ફેર ન પડે** ત્યારે એમ માનવું કે તે ખરો હરિભક્ત છે.

વળી, ભગવાન શ્રીહરિ કહે :- "આસુરી હોય તે સત્સંગમાં આવે, તિલક-ચાંદલો કરતો હોય, કંઠી પહેરતો હોય. ભગવાનનું નામ દેખીતી રીતે મુખે લેતો હોય, મંદિરના પગથિયા કદાચ ઘસતો હોય, પરંતુ અંતરની વૃત્તિ પવિત્ર નથી થતી ત્યાં સુધી એ જીવાત્માનું કલ્યાણ થતું નથી." અને **અંતવૃત્તિને પવિત્ર કરવી હોય તો** મજબુત થવું પડશે, કટીબધ્ધ થવું પડશે અને ખબરદાર થવું પડશે. અને હવે **ખબરદાર થવાનો સમય** પાકી ગયો છે. કળિયુગ ક્યારે ભરડો લઈ લેશે તેની કલ્પનાય નહિ કરી શકો. આ સમાજમાં દૂષણ ચારેય બાજું ફેલાયેલું છે, જે અરાજકતા છે - ભ્રષ્ટાચાર છે. આ બધા **દૂષણોનું મૂળ** કોઈ હોય તો તે એ છે કે આપણે ધર્મથી દૂર ગયા છીએ.

'धर्मो रक्षति रक्षितः ।'

વેદનો મંત્ર છે કે, **તમે ધર્મની રક્ષા કરશો તો સમાજની રક્ષા ધર્મ કરશે.** માટે આપણા જીવનના પરિવર્તનમાં આપણે ધર્મવાન બનીએ. અને ભક્તિ-ઉપાસનાના માર્ગમાં આપણે પરમાત્માની આજ્ઞામાં રહી આપણા જીવનને **પરિવર્તન** કરીએ. કાયર ન બનીએ ત્યારે આપણે સાચા અર્થમાં ભગવાનના **આશ્રિત** અને સાચા અર્થમાં આપણી **પતિવ્રતાની ભક્તિ** કહેવાશે.

અમોને **ગૌરવ** છે કે, રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈના અનેક પુત્રો હતા. પણ **જેના નામની પાછળ** ભગવાન **શ્રી સ્વામિનારાયણનું નામ લાગે** એવું **સૌભાગ્ય** કોઈને પ્રાપ્ત થયું હોય તો શ્રી રઘુવીરજી મહારાજ તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રાપ્ત થયું છે. એમ લખવામાં આવ્યું કે **રઘુવીરજી મહારાજ હરિકૃષ્ણ મહારાજ** - અયોધ્યાપ્રસાદજી મહારાજ હરિકૃષ્ણ મહારાજ. આવી રીતે એમના **પિતા તરીકે** ભગવાન **શ્રી સ્વામિનારાયણનું નામ** આવ્યું.

એ શ્રી રઘુવીરજી મહારાજની પરંપરામાં ભગવત્પ્રસાદજી મહારાજને સૌભાગ્ય પ્રાપ્ત થયું, અને એ સૌભાગ્ય વિહારીલાલજી મહારાજ, શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ, આનંદપ્રસાદજી મહારાજ, નરેન્દ્રપ્રસાદજી મહારાજ અને અજેન્દ્રપ્રસાદજી મહારાજને પ્રાપ્ત થયું. અને **અમો તો ભાગ્યશાળી** છીએ જ કે **ભગવાન શ્રી સ્વામિનારાયણની પરંપરામાં અમારું નામ આવે છે.** અમને આનાથી બીજી જગતની કોઈ પદવીનો મોહ નથી. અમારા કાર્યથી **હરિભક્તોના હૃદયમાં અમારું સ્થાન** છે. અમોએ શ્રીજીમહારાજને અરજી નહોતી આપી કે મને ધર્મકુળમાં જન્મ આપજો. ભગવાન શ્રીહરિએ કંઈક અમારામાં યોગ્યતા જોઈ અથવા અમારા ઉપર કાંઈક **જવાબદારી** મૂકવા માંગે છે - મારા ધણીએ અમારી અહીં **નિમણુંક** કરી છે. **હું મારા ધણીના રાજીપા માટે આ જવાબદારી બજાવીશ.** મારી જવાબદારી ને વફાદારી મારા ઈષ્ટદેવ પ્રત્યે છે માટે હું મારું **કર્તવ્ય** કરું છું. અને એટલા માટે હું તમને પણ **પ્રેરણા** કરું છું કે જગતમાં ભગવાનને સાથે રાખજો. જગતના કાયદા-નિયમએ આપણા આંખ-માથાં પર છે. આ રાષ્ટ્ર આપણું છે, આ દેશ આપણો છે એમની સંસ્કૃતિ આપણી છે, એની સભ્યતા આપણી છે, એના તમામ અંગો આપણા છે. એનું માન અને ગરિમા ચોક્કસ જળવાવી જોઈએ. પરંતુ આપણા આત્માના કલ્યાણને પણ સાથે સાથે જરૂર સાચવીશું. **આપણે શસ્ત્ર ઉપાડવાની જરૂર નથી, આપણે માળા હાથમાં લેવાની છે.** આપણી **ભક્તિ** જ આપણી શક્તિ છે, માટે ખૂબ **ભજન** કરજો.

(તા. ૨૧-૩-૨૦૧૦, ખંભાત)

સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી

હૈજરાબાદ (જી. ખેડા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'રજત જયંતિ મહોત્સવ' તેમજ 'શ્રીહરિયાગ યજ્ઞ' (તા. ૨૦-૩-૨૦૧૦)

રઘુવીરવાડી-વડતાલ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભગવાન શ્રીહરિનો '૨૨૯મો પ્રાગટ્યોત્સવ' તથા પ.પૂ. ગાદીવાળા માતુશ્રીની પ્રેરણાથી સ્ત્રીભક્તો દ્વારા યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન મુખપાઠ કથા' (તા. ૨૦ થી ૨૮-૩-૨૦૧૦)

ડોંબીવલી (મુંબઈ)ને આંગણે યોજાયેલ ભગવાન શ્રી સ્વામિનારાયણનો '૨૨૯મો પ્રાગટ્યોત્સવ' (તા. ૨૪-૩-૨૦૧૦)

કોવાયા (તા. રાજુલા)ને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારત પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી (તા. ૨૮-૩-૨૦૧૦)

આણંદને આંગણે રોકડીયા શ્રી કષ્ટભંજન દેવના સાંનિધ્યમાં યોજાયેલ મારુતિ યજ્ઞ પ્રસંગે પધારતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૩૦-૩-૨૦૧૦)

શ્રી સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માહિતી અંગેની માહિતી

Form - 8

૧. પ્રકાશન સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
૨. પ્રકાશન સમય : માસિક - દર મહિનાની ૨૦મી તારીખે
૩. મુદ્રકનું નામ : શ્રીજી આર્ટ
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : આશ્રમરોડ, પાલડી - અમદાવાદ
૪. તંત્રીનું નામ : સાધુ પતિતપાવનદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫
૫. માલિક : કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

હું. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.
સહી : કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

પ.પૂ. સનાતન પ.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

ક્રમ	તારીખ	સ્થળ
૦૧.	૧૪ થી ૧૬ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ભાણવડિયા, તા.મહુવા, જી. ભાવનગર સંપર્ક : દેવચંદભાઈ - મો. ૯૨૨૮૧૭૪૩૯૭
૦૨.	૧૫ થી ૧૯ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ચાંદગઢ, તા. જી. અમરેલી સંપર્ક : વાલજીભાઈ - મો. ૯૮૨૪૭૧૦૦૪૦ જયંતિભાઈ - મો. ૯૯૭૯૦૧૬૨૪૫
૦૩.	૧૯ થી ૨૫ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ગણેશગઢ, તા. સાવરકુંડલા, જી. અમરેલી સંપર્ક : કાંતિભાઈ - મો. ૯૯૭૪૯૨૪૨૨૯ અરવિંદભાઈ - મો. ૯૮૨૫૬૪૬૯૪૯
૦૪.	૨૧ થી ૨૩ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ચાંપાથળ, તા.જી. અમરેલી સંપર્ક : જગદિશભાઈ - મો. ૯૭૩૭૫૨૮૬૯૪
૦૫.	૨૧ થી ૨૩ મે - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. ચરખડીયા, તા. સાવરકુંડલા, જી. અમરેલી સંપર્ક : હસમુખભાઈ - મો. ૯૯૨૫૧૪૨૪૫૧
૦૬.	૨૯ મે થી ૪ જૂન - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. કમીગઢ, તા. બગસરા જી. અમરેલી સંપર્ક : કો. શંભુભાઈ - મો. ૯૯૭૯૨૨૫૮૬૩
૦૯.	૪ થી ૧૦ જૂન - ૨૦૧૦	'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' મુ. વડેરા, તા. જી. અમરેલી સંપર્ક : રમેશભાઈ - મો. ૯૯૭૪૮૭૨૨૭૯ બાબુભાઈ - મો. ૯૯૯૮૩૨૬૪૬૫

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

અભયદાન સત્સંગ સભા

સરધાર
તા. ૨-૫-૧૦
રવિવાર
સમય :- સવારે ૮ થી ૧

રાજકોટ
તા.૨૪-૪-૧૦
શનિવાર
સમય :- રાત્રે ૯ થી ૧૧

સંપર્ક :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮
શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

જૂનાગઢના વયોવૃદ્ધ સંત પૂ. સ.ગુ. શાસ્ત્રી શ્રી હરિપ્રિયદાસજી સ્વામીનો અક્ષરવાસ

જૂનાગઢ મંદિરના સંત પૂ. સ.ગુ. શાસ્ત્રી શ્રી હરિપ્રિયદાસજી સ્વામી તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ આ લોકમાંથી વિદાય લઈ ૭૫ વર્ષની વયે અક્ષરનિવાસી થયા છે. જેમણે પોતાના જીવનકાળ દરમ્યાન ષડ્અંગી સંપ્રદાયની અનેકાનેક સેવા કરી છે, જે ભૂલી શકાય તેમ નથી. પરંતુ ભગવાન શ્રીહરિને ગમ્યું તે સાચું એ ન્યાયે આપણ સર્વે શ્રીજીમહારાજના પાવનકારી શ્રીચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે, પૂ. સ્વામીશ્રીને શ્રીહરિ પોતાની મૂર્તિનું અલૌકિક દિવ્ય સુખ આપીને સુખીયા કરે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ડભાલ પીઠાધિપતિ ૫.પૂ. ૫.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે
આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - ચાંદગઢનો ભવ્ય

ભગવાન શ્રી સ્વામિનારાયણ

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

અંતર્ગત

શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ પારાયણ
તથા શ્રીહરિયાગ યજ્ઞ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ : ૧૬-૫-૨૦૧૦ થી ૧૯-૫-૨૦૧૦

કથા સમય :- સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦ આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - ચાંદગઢ (જૂનાગઢ પ્રદેશ)

મહોત્સવ સ્થળ :- મુ. ચાંદગઢ, તા. જી. અમરેલી

સંપર્ક : વાલજીભાઈ - મો. ૯૮૨૪૭૧૦૦૪૦
જયંતિભાઈ - મો. ૯૯૭૯૦૧૬૨૪૫

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ડભાલ પીઠાધિપતિ ૫.પૂ. ૫.પુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે
આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - ગણેશગઢનો ભવ્ય

ભગવાન શ્રી સ્વામિનારાયણ

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

અંતર્ગત

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ
તથા શ્રીહરિયાગ યજ્ઞ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ : ૧૯-૫-૨૦૧૦ થી ૨૫-૫-૨૦૧૦

કથા સમય :- સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ બપોરે ૩.૦૦ થી ૬-૦૦ આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - ગણેશગઢ (ગઢપુર પ્રદેશ)

મહોત્સવ સ્થળ :- મુ. ગણેશગઢ, તા. સાવરકુંડલા, જી. અમરેલી

સંપર્ક : કાંતિભાઈ - મો. ૯૯૭૪૯૨૪૨૨૯
અરવિંદભાઈ - મો. ૯૮૨૫૬૪૬૯૪૯

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

૫.પૂ. સનાતન ૫.પુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે
આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ચારધામની સાતમી

શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ :- ૩-૮-૧૦ અષાઢ વદ - ૮ થી ૩૦-૮-૧૦ શ્રાવણ વદ - ૫ કુલ દિવસ :- ૨૮

દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :- નાસિક, ત્ર્યબંકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, કનખલ, લક્ષ્મણઝુલા, ઋષિકેશ, કેદારનાથ, ગુપ્તકાશી, બદ્રિનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ, રમણરેતી, દ્વારિકા, બેટદ્વારકા, નાગેશ્વર, ગોપીતળાવ, રાજકોટ

બુકિંગ માટે સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૯૪૨૮૮૬૦૨૧૧ (પૂ. પવિત્રપાવન સ્વામી).
શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી. ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૧૮૦. શ્રી સ્વા. મંદિર - ઉધના-સુરત. મો. ૯૮૭૯૭ ૫૮૫૧૩. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ મો. ૯૮૨૫૧ ૩૪૧૦૮.

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

સરધાર પધારો...' ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ બાળયુવા ધન બચાવો...

ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધાર

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ
આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય
'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૧૦'ના ઉપક્રમે સરધારને આંગણે અતિ ભવ્ય છઠ્ઠો

શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

તારીખ :- ૬-૫-૨૦૧૦ થી ૯-૫-૨૦૧૦ સુધી

વ્હાલા ભક્તજનો ! જ્યારે આ ભૂમંડળ ઉપર સર્વત્ર અધર્મ વ્યાપી ગયો હતો, સદ્ધર્મની હાની થઈ, સત્યના સુરો રુંધાવા લાગ્યા અને અસત્યની જ્યોત પ્રગટ થવા લાગી ત્યારે સત્યની જ્યોત પ્રગટાવી અસત્યને બુજાવા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર છપૈયાધામમાં પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી દ્વારા પ્રગટ થઈ લાખો ને કરોડો લોકોને પરમસુખીયા કરી સર્વત્ર ધર્મનો ધ્વજ ફરકાવ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ફરકાવેલો ધર્મનો ધ્વજ તેમને તેમહંમેશને માટે લહેરાતો રહે તેને માટે સદ્ધર્મનું પોષણ કરવું તે ઘણુંજ આવશ્યક છે. તેમાં પણ ધર્મ તેમજ દેશ માટે બાળ-યુવાધનને સાચવવું અને તેને સાચો રાહ બતાવી સદ્ધર્મને માર્ગે વાળવા તે સંપ્રદાયની મોટામાં મોટી સેવા છે. તેમવિચારી સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે સરધારધામને આંગણે વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે ભવ્યાતિભવ્ય છઠ્ઠો 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ'નું તા. ૬-૫-૨૦૧૦ અ. વૈશાખ વદ - ૮ થી તા. ૯-૫-૨૦૧૦ અ. વૈશાખ વદ - ૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું છે. તો સર્વે વડિલ હરિભક્તોને અમારો ખાસ અનુરોધ છે કે, આપના બાળકો અને યુવાન સંતાનોને જીવનનું સાચુ ઘડતર કરવા માટે આ મહોત્સવમાં જરૂરને જરૂર મોકલજ્યો.

અમોને પૂર્ણ વિશ્વાસ છે કે, આ મહોત્સવમાં આવનાર બાળકો અને યુવાનોને જીવનનો એક અજોડ રાહ મળશે. જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટ થશે. અને આ મનુષ્ય દેહ વડે કંઈક કરી છુટવાની તમન્ના જાગશે. પોતાની વિધ વિધ ફરજો સમજાશે. આબાલ-વૃદ્ધોની સાથે કેવો વિવેક-વિનય અને સરળતા દાખવવી જોઈએ તે જ્ઞાન થશે. અને આ મહોત્સવમાં આવેલ બાળક અને યુવાનનું જીવન તો સુંદર બનશે પણ પોતાના પરિવારને પણ પૂર્ણ લાભ પ્રાપ્ત થશે. અને ઘર મંદિર સ્વરૂપી બની જાશે. અને તમામને ભગવાન શ્રીહરિ આ લોક અને પરલોકમાં મહાસુખીયા કરશે. અને પુરા સંપ્રદાયને નજરાણારૂપી મહા સુસંસ્કારી હજારો બાળ-યુવાનોની જાણે ભેટ મળશે. અને ભગવાન શ્રીહરિ આપણા સર્વેના ઉપર પૂર્ણ રાજી થશે.

ત્યારે આ વાતને આપ સુધી પહોંચાડતા અમારા હૃદયમાં અતિ આનંદ થઈ રહ્યો છે. આપ સર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય આશ્રિત છો અને ભગવાન શ્રીહરિને પામવાના સાચા તાનવાળા છો તો આપણા પ્રાણ પ્યારા પ્રિયતમભગવાન શ્રી સ્વામિનારાયણને રીજવવાનો આ સુવર્ણ અવસર છે તો આ બાળ-યુવા મહોત્સવમાં આપના સંતાનોને સાચા સહજાનંદી સિંહ બનાવવા તેમજ સાચા કર્તવ્યનિષ્ઠ ભક્ત બનાવવા આ મહોત્સવમાં મોકલવા પૂર્વક જરૂર સહભાગી થાશોજી.

આ મહોત્સવ ભગવાન શ્રીહરિને પામવા માટે જ છે. તો આ મહોત્સવ પોતાનો છે તેમમાની ઉરની ઊર્મિઓના અમીછાંટણા યુક્ત આ આમંત્રણ પત્રિકાને રૂબરૂ મળ્યા તુલ્ય સમજી અવશ્ય બાળ-યુવા મહોત્સવમાં પધારશોજી.

લી. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી - શ્રી સ્વા.મંદિર - સરધારના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

:: મહોત્સવ મુખ્ય યજમાનશ્રી ::

પ.ભ.શ્રી બાબુભાઈ તથા ચંદુભાઈ પરસોતમભાઈ પટેલ (ખાંધલી)

હ. સુપુત્રો રાજેશભાઈ, પરેશભાઈ, ચંદ્રેશભાઈ, રામભાઈ તથા પૌત્ર શ્રેયકુમાર, નીલકુમાર- યુ.એસ.એ

:: બાળ-યુવા મહોત્સવનો દૈનિક કાર્યક્રમ ::

તા. ૬ થી ૯ સુધી બાળ-યુવા મહોત્સવમાં પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી આદિક વિદ્વાન પૂ. સંતો દ્વારા બાળકો તેમજ યુવાનોને જીવનનો એક અજોડ રાહ મળે, જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટ થાય અને આ મનુષ્ય દેહ વડે કંઈક કરી છુટવાની તમન્ના જાગૃત થાય તેવા પ્રવચનોનો અમૂલ્ય લાભ આપવામાં આવશે. તેમજ દરરોજ રાત્રિના કીર્તન-ભક્તિ, રાસોત્સવ, વ્યાખ્યાનમાળા, વિધવિધ વિષયો ઉપર પ્રવચનો તેમજ કીર્તનગાન સ્પર્ધા વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવશે.

પુરસ્કાર ભેટ :- તા. ૯-૫-૧૦ના રોજ જે બાળકો-યુવાનો ૭૫ ટકા ઉપર વિદ્યા અભ્યાસમાં ટકા લાવ્યા હશે તેમજ મહોત્સવ દરમ્યાન કોઈપણ હરિફાઈમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ લાવશે તેમને **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના વરદ હસ્તે પુરસ્કાર આપવામાં આવશે. (ધો-૧૦,૧૨ના વિદ્યાર્થીઓએ પોતાના આગળના વર્ષની રીઝલ્ટ કોપી લાવવી. તેમજ કોલેજનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જે એ-ગ્રેટ (ફસ્ટક્લાસ) હશે તેમને પણ પુરસ્કાર આપવામાં આવશે.

ખાસ નોંધ :- તા. ૬, ૭, ૮ એમત્રણ દિવસ ફક્ત બાળકો અને યુવાનો (પુરુષ ભક્તોજ) લાભ લઈ શકશે. આ મહોત્સવમાં તા. ૯ના રોજ બાળ-યુવાન-વડિલ (પુરુષ-સ્ત્રીભક્તો) એમ બધા લાભ લઈ શકશે.

તા.ક :- મહોત્સવમાં ભાગ લેનાર દરેક બાળ-યુવાનોએ ફરજીયાત બે જોડી સફેદ ડ્રેસ લઈને સાથે આવવાનું રહેશે. અને મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન ડ્રેસ પહેરીને જ ભાગ લઈ શકશે.

મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ મંદિર' સરધાર
તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩.
Visit us :- www.sardhadham.org, www.swaminarayanvadtalgadi.org E-mail :- sardharmandir@gmail.com

હાર્દિક અભિનંદન

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન સમર્થ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)ના માર્ગદર્શન પ્રમાણે આપ સહુ ભક્તોને ઘેર બેઠા ભુજધામના તમામ તીર્થસ્થાનો દર્શન થાય તેવા શુભ હેતુસર કચ્છપ્રાંતના નિસર પરિવારની ઉદાર ભાવનાથી આ 'શ્રી ભુજ તીર્થયાત્રા દર્શન' વિશેષાંકમાં સહાયતા પ્રાપ્ત થયેલ છે. આ પરિવાર દિન-પ્રતિદિન સત્સંગમાં ષડ્અંગી સંપ્રદાયનું બળ ખૂબ પામે એવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં પ્રાર્થના સહ...

પ.ભ.શ્રી ડુંગરશીભાઈ ગોપળજીભાઈ નિસર (ભચાઉ-કચ્છ)
હ. સુપુત્રો પ.ભ.શ્રી અમરશીભાઈ, રસીકભાઈ, રમેશભાઈ તથા પૌત્ર ચિરાગ તથા ખુશ
થાણા (મુંબઈ)

Shree Swaminarayan Chintan, April - 2010 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વા. સત્સંગ
સમાજ - ભાલ પ્રદેશ દ્વારા આયોજીત ઘંઘુકાને આંગણે યોજાયેલ ભવ્ય 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'માં

પ. પૂ. લાલજી મહારાજશ્રીની નવગજા ગજરાજ પર વિશાળ શોભાયાત્રા (તા. ૨૧ ફેબ્રુઆરી-૧૦)

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji
છબીકલા : શ્રીહરિ ડીજીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦